Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



**C.D.O. PRAKASH SAMIKSHA**

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૬ • તા. ૧૮ એપ્રિલ ૨૦૧૬ થી ૨૪ એપ્રિલ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ








ના આંગણે

## શ્રી આદિનાથ જીનાલયની





૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે

કાયમી ધ્વજાના લાભાર્થી પરિવાર

**માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા**

આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક તા. ૬ અને ૭ માર્ચ ૨૦૧૬



















# જલગામ નગરે છ ગાઉ યાત્રા તેમજ તપોચ્ચાર અને વ્રતોચ્ચાર



ભાવયાત્રામાં મશગુલ જલગાંવવાસીઓ



ભાવયાત્રા કરાવતાં પૂજ્યશ્રી





ભાવયાત્રાની ભક્તિમાં ડૂબેલા ભાવિકો



બારવ્રત ઉચ્ચરાવતાં શ્રાવકો



પરમાત્મા સમક્ષ પ્રદક્ષિણા આપતો તપસ્વી તથા વ્રતધારી શ્રાવક



વ્રતધારી તથા તપસ્વીઓને વધાવતા શ્રી સંઘના સભ્યો



દીપ પ્રજ્વલન



સરસ્વતીમાતાને હાર પહેરાવતાં સુશ્રા. સુશીલ ખોના તથા હીતેશ લોડાયા



તત્વાર્થસૂત્ર-૨ ના લાભાર્થીનું બહુમાન કરતા જલગાંવ વાસીઓ

## જલગામ નગરે છ ગાઉ ભાવ યાત્રા તેમજ તપોચ્ચાર અને વ્રતોચ્ચાર





### છ ગાઉ ભાવ યાત્રા

ફાગણ સુદ તેરસનો દિવસ જૈન શાસનમાં અનોખું મહત્વ ધરાવે છે. લાખો ભાવિકો સિદ્ધાચલની યાત્રા કરે છે. કૃષ્ણ મહારાજાના પુત્રો સાંબ અને પ્રદ્યુમ્ન સાડા આઠ કરોડ મુનિઓ સાથે ભાડવા ડુંગર પર આ દિવસે નિર્વાણ પદને પામ્યા છે. તેથી ભાવિકો છ ગાઉની યાત્રાનો અપૂર્વ આનંદ માણે છે.

જલગામ નગરીમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં છ ગાઉની ભાવયાત્રાનું આયોજન શ્રી ધર્મનાથ જિનાલયે કરવામાં આવ્યું હતું.

સારી મહેનત કરી બહેનોએ દેવકી ષટ્નંદન, અજીત-શાંતિની દેરીઓ, ચંદન તલાવડી, ભાડવા ડુંગરાદિની રચના કરી હતી. ભાવ યાત્રામાં સહુ સારી સંખ્યામાં જોડાયા હતા. ભાવયાત્રા પછી સિદ્ધવડની છાયામાં પાલમાં સુંદર સાધર્મિક ભક્તિનો લાભ શ્રી અચલગચ્છ સંઘે લીધો હતો. પૂજ્યશ્રીએ છ ગાઉના દરેક સ્થાનનું મહત્વ સમજાવતા સહુએ ઘણોજ આનંદ અનુભવ્યો હતો. શ્રી અચલગચ્છ સંઘે સંઘપૂજનનો લાભ લીધો હતો.

### તપોચ્ચાર અને વ્રતોચ્ચાર

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૫૦ માં સુવર્ણ વરસીતપ પ્રસંગે વરસીતપ ઉચ્ચારણ માટે ઘણા પુણ્યશાળી જીવો જલગામથી પાલીતાણા પહોંચી ગયા હતા. ઘણાએ મુંબઈ-કચ્છમાં વરસીતપ ઉચ્ચારણ કર્યું.

જે મુંબઈ-પાલીતાણા ન પહોંચી શક્યા એમના માટે જલગામમાં વરસીતપ ઉચ્ચારણ સાથે શ્રાવકના બાર વ્રતોના ઉચ્ચારણ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પ્રભુજીની સમક્ષ દેવવંદન, સુવર્ણ વરસી તપ આરાધક ગુરુદેવને દ્વાદશવર્ત ભાવવંદના સહ તપોચ્ચારમાં જલગામના શ્રાવક - શ્રાવિકાઓ સાથે ચાલીસગામ - પારોલા - ધરણગામથી પણ તપસ્વી પધારેલ. તપસ્વીઓનું તથા વ્રતધારીઓનું શ્રી જલગામ અચલગચ્છ સંઘ તરફથી સુંદર બહુમાન કરવામાં આવેલ.

આજ કાર્યક્રમ અંતર્ગત શ્રી શત્રુંજય એકડમી દ્વારા M.J. II ના અભ્યાસક્રમના ‘શ્રી તત્વાર્થ સૂત્ર’ ભાગ-૨ નું વિમોચન કરવામાં આવ્યું. શ્રીમાન ધનપતીભાઈ, સુશિલભાઈ, રાઘવજીભાઈ, કલ્પેશભાઈ તથા ભરતભાઈએ દીપક પ્રગટાવી જ્ઞાન દીપકની જ્યોત પ્રજ્વલિત કરી. સુશિલભાઈએ સરસ્વતી માતાને પુષ્પહાર અર્પણ કર્યો. ‘તત્વાર્થસૂત્ર ભાગ ૨’ના લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવાર વતી સુપુત્ર હિતેશભાઈ - સુપુત્રીઓ દિપ્તિબેન - તૃપ્તિબેન તથા ચેતનાબેન પરિવારે આ પુસ્તકનું વિમોચન કરી પ.પૂ. સાધ્વીજી ભગવંત તથા માનવંતા પરિવારોને પુસ્તક અર્પણ કર્યું. શ્રી ક.દ.ઓ. મહાજન જલગામ તરફથી કલ્પેશભાઈએ ગ્રંથના લાભાર્થી પરિવારનું બહુમાન કર્યું. આરાધનામય જીવનના સંકલ્પ સાથે સહુએ પ્રસંગને સફળ બનાવ્યો.

શ્રી અચલગચ્છ સંઘ તરફથી સંઘ પૂજન કરવામાં આવેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા શ્રીમતિ મંજુલાબેન ઓશવાલ, સૌ ચેતના મોમાયા, સૌ દક્ષા લાપસીયા અને સૌ શિલ્પા છેડા જહેમત ઉઠાવી હતી.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...




9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જ્ઞાતિની એકમાત્ર પ્રવૃત્ત યુવા સંસ્થાનું સૂત્ર સાર્થક કરનાર ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘની ગત ટીમ તેમજ તે નેજો ઉંચો કરવાની જવાબદારી લેનાર સંઘની નવી ટીમને અભિનંદનસહ શુભકામના....

તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ



**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 16/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જ્ઞાતિના વંચિત પરિવારોને તાત્કાલિક થાળે પાડી શકાય તેમ છે

અનંતનાથજી ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટીઓએ તથા મુંબઈ મહાજનના પદાધિકારીઓએ તાજેતરમાં ભલારા દાદાની સમૂહ પહેડી વખતે પોતે થાણા જિલ્લામાં એક રહેઠાણ યોજના લાવી રહ્યા છે જેની વિગતો અને ફોર્મ થોડા સમયમાં જાહેર થશે એવી માહિતી આપી.

તેમણે આ સાથે ભાંડુપ અનંતસિધ્ધિના રીડેવલપમેન્ટની વ્યવહારુ યોજના બનાવવાનું કામ બીલ્ડર-ડેવલપર એવા ટ્રસ્ટી જયંત સોનીને સોંપવામાં આવ્યાની પણ જાહેરાત કરી હતી.

સૌથી પહેલાં ભાંડુપરની મિલકતના્ રિડેવલપમેન્ટ બાબત એટલો ઈશારો જરૂર કરવો જરૂરી છે કે મૂળે તે અનંતનાથ ટ્રસ્ટની મિલકત નથી અને નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે તે વખતના મહાજન ફંડ સ્કીમ ટ્રસ્ટના ઉદ્દેશો મુજબ જ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તેનો વહીવટ ઈત્યાદિ કરવાના રહેશે તેથી એનું રીડેવલપમેન્ટ કરતી વખતે આ હુકમની મર્યાદામાં રહીને સર્વગ્રાહી યોજના ઘડવા પર ટ્રસ્ટીઓએ ધ્યાન આપવું પડશે તેથી આવાં ઉતાવળ કે અધકચરી યોજના ન થાય તેની ટ્રસ્ટીઓએ કાળજી લેવી પડશે. આ ઉપરાંત ટ્રસ્ટ બોર્ડ કોઈ એક મિલક્ત જેનું રીડેવલેપમેન્ટ તેમને સહેલું લાગે તેની પર પહેલી પસંદગીનો કળશ ઢોળે તેને બદલે બધી મિલકતોની યથાયોગ્ય વ્યવસ્થાની યોજના વિચારી પછી આગળ વધે તો યોગ્ય થશે.

સૂત્રોદ્વારા જણાવા મળ્યું છે કે થાણા જિલ્લામાં રહેઠાણ યોજના ઝડપથી થઈ શકે - કમસે કમ - ૧૫૦ જેટલા સાવ અમાનવીય વિસ્તારમાં રહેતા જ્ઞાતિ કુટુંબો થાળે પડે તે માટેની પ્રારંભિક તૈયારી કરવાના હેતુસર અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ત્યાં જ્ઞાતિજનો માટે રહેઠાણ મેળવવા કચ્છી જૈન ફાઉન્ડેશનના અધિકારીઓનો સંપર્ક કર્યો છે. પરંતુ ફાઉન્ડેશનના અધિકારીઓએ આ બાબત જોઈએ તેવો પ્રતિસાદ આપ્યો નથી.

હકીકતમાં આર્થિક સંકડામણ અનુભવતા જ્ઞાતિ પરિવારોને પણ ઓનરશીપના ઘર અપાવવાનું સ્વપ્ન જેટલું રંગીન છે એટલું જ સ્પર્શ કરવા જતાં દૂરભાગે તેવું મૃગજળ છે.

આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને નિઃશુલ્ક ફ્લટો ઓનરશીપ પર અપાય તે પછી તેના મેઈન્ટેનન્સ, મ્યુનીસ્પીપલ ટેક્સ માસિક ખર્ચ ચૂકવવાની તેમની પરિસ્થિતિનો પણ વિચાર કરવો જરૂરી છે.

મુંબઈ, વિઠ્ઠલવાડી, અંબરનાથ, બદલાપુર, નાલાસોપારા, વિરાર અને ડોંબીવલી સુધ્ધામાં પણ આવા સેંકડો પરિવારો ઝુંપડપટી જેવા વિસ્તોરામાં ગંદા, સ્વાસ્થ માટે હાનિકારક અને અસામાજિક તેમજ અસુધડ અને વિપરિત ધર્મ સંસ્કાર ધરાવતા પરિવારો વચ્ચે કાચા પતરાની દિવાલો ને છતો ધરાવતા ઘરોમાં વસવાટ કરી રહ્યા છે અને તેમનાં બાળકો-કિશોરો નિમ્નકક્ષાની શાળાઓમાં પ્રાથમિક કે માધ્યમિક શાળાઓમાં ન છુટકે અભ્યાસ કરી રહ્યા છે. તે પરિસ્થિતિ દૂર કરવા જ્ઞાતિએ શક્ય તે સર્વ પ્રયત્નો કરવા જોઈએ એમાં બે મત નથી.

આ માટે આવા વિકટ પરિસ્થિતિમાં રહેતા જ્ઞાતિ પરિવારોને ડોંબિવલી, ઠાકુર્લી, કોપર, દીવા, નાલાસોપારા, વિરાર વિગેરે તેમની પસંદગી પ્રમાણેના પરાંઓમાં ઠીક ઠીક સારા કહી શકાય તેવા વિસ્તારોમાં ત્રણેક વર્ષ માટે લીવ લાયસન્સલથી ફ્લેટો અપાવી

શકાય તો વધુ સારું કે નહીં તે બાબત પ્રસ્તુત બની છે.

આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને રહેઠાણની સુવિધા મળે તે દષ્ટિએ હાલ તુરન્ત ૨૦૦ જેટલા જ્ઞાતિ પરિવારોને માસિક અંદાજિત પાંચ-સાત હજારના કોમ્પનશેસન (ભાડા)ની ગણતરીએ માસિક બાર-પંદર લાખ એટલે વાર્ષિક દોઢેક કરોડ જેટલા ફંડની તાત્કાલિક ફાળવણી કરી આ બાબતે સમયસર પગલા લેવાય તો આ જૂન મહિનાથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ પહેલાં જ ૨૦૦-૨૫૦ કુટુંબોને ટ્રસ્ટ સારા વસવાટ આપી શકશે અને જ્ઞાતિની રહેઠાણ સમસ્યાના ઉકેલની દિશામાં એક નવતર પ્રયોગ કરી તેનાં લેખાં - જોખાં જ્ઞાતિ સમક્ષ મૂકી શકશે.

આને લીધે ટ્રસ્ટના કોપર્સ ફંડ પણ અકબંધ રહેશે. ઉપરાંતમાં ટ્રસ્ટીઓ પર મકાનોના બાંધકામની ગુણવત્તા અંગે કોઈ જવાબદારી રહે નહીં. ટ્રસ્ટે ઘાટકોપરમાં અનંતછાયા, ભાંડૂપમાં અનંત સિધ્ધિ તેમજ કાંજુરમાર્ગમાં અનંત કોમ્પલેક્સના મકાનો પોતાના કોન્ટ્રાક્ટરો દ્વારા બનાવરાવ્યા તે સઘળા બાંધકામોની ગુણવત્તા ઘણી નિમ્ન કક્ષાની રહી હતી. તેથી તેના રીપેર મેઈન્ટનન્સ પાછળ નિયમિત ખર્ચાઓ થતા રહેતા અને ટ્રસ્ટઓની મિટીંગોમાં ભાડૂતોની આવી ફરિયાદો અંગે મોટા ભાગનો સમય વેડફાતો રહ્યો છે.

વધુમાં ટ્રસ્ટના મકાનોમાં રહેતા જ્ઞાતિજનો - ભાડૂતો ભાડું ન ભરે તો તેમની સામે તે વસૂલ કરવા કે ઘર ખાલી કરવા માટે કોર્ટની કાર્યવાહી થઈ હોય તેવા છેલ્લા ૭૫ વર્ષમાં પાંચ-સાત કિસ્સાઓ જ બન્યા છે. અને તેમાં ય પછી થી બે ત્રણ વર્ષમાં આ કેસો ટ્રસ્ટીઓએ પાછા પણ ખેંચી લિધા છે.

આની સામે લીવ લાયસંસ પર જે જ્ઞાતિજનોને તેમની પસંદગીના પરામાં ફ્લેટો અપાયા હોય. તેમની આર્થિક પરિસ્થિતિ જ્યારે સારી થાય ત્યારે લાભાર્થી તરીકેની તેમની પાત્રતા ન રહેતા તેમના માટે ટ્રસ્ટને લાયસન્સ ફી જેવી બાબતે ખર્ચ કરવાની કોઈ જરૂરત ન રહે.

આવા અનેક કારણે જોતાં જ્ઞાતિના કોઈપણ ટ્રસ્ટે જરૂરિયાવાળા જ્ઞાજિનોમાટે જમીન ખરીદ કરી તેના પર બાંધકામ કરવી અથવા તૈયાર ફ્લેટો ખરીદવા બાબતે કેપીટલ પ્રકારનો ખર્ચ કરવો વર્તમાન પરિસ્થિતિમાં તદન અવ્યવહારીક અને બિનજરૂરી બને છે.

આશા રાખીએ કે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અનંતછાયાના વેચાણની કિંમત પર હાલ ટ્રસ્ટને મળી રહેલ વ્યાજની રકમને આ યોજનામાં વાળવા પ્રયત્નશીલ થશે જેથી એક રીતે જ્ઞાતિથી અલિપ્ત થઈ ગયેલા આ સેંકડો વંચિત જ્ઞાતિ કુટુંબો જ્ઞાતિ પ્રવાહમાં ફરીથી સુખ-સમાધાન પૂર્વક સમ્મિલિત થઈ શકે.

**પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૫ના પાના નં ૩ અને ૪ પર પ્રગટ થયેલ 'અપેક્ષા અને અગ્રતા' વિશેના લેખમાં જ્યાં જ્ઞાતિજનોની વસતિ ન હોય ત્યાં દેરાસર બંધાવવાથી ધર્મ આરાધના ઓછી અને આશાતના વધારે થશે એવો જે ઉલેખ છે તે હાલમાં જેનો શિલાન્યાસ થવાનો છે એ રાણપર ખાતેના દેરાસર અંગેનો છે.**

## સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણી સંસ્થાઓ, કાર્યકર્તા અને આગેવાનો બહૂજ લાંબી વિગતો વાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. આમ છતાં, સમાચાર મોકલનારા આ રીતે ટૂંકાવીને પ્રગટ થયેલા સમાચાર આ બાબત ફોન કરી કે પત્ર લખી તેમની મહત્વની વિગતો ન આપાઈ હોવા બદલ નારાજગી દર્શાવવી ફરિયાદ-દલીલો કરે છે. આથી સૌને વિનંતી કરવાની છે કે ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ (કેટલીક વખત લાંબી યાદી હોય છે) દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતો ને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

# મુંબઈ મહાજન આયોજિત સગપણ સંમેલણ ૨૦૧૬ પરિચયથી પરિણય સુધી



શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા આયોજિત સગપણ સંમેલન-૨૦૧૬ પરિચય થી પરિણય સુધી તા. ૧૦.૦૪.૨૦૧૬ ને રવિવારના શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, અનંતસિદ્ધિ ભાંડુપ ખાતે જ્ઞાતિના ૧૨૫ જેટલા યુવક-યુવતીઓ તથા તેમના વાલીઓ સંગાથે સંપન્ન થયો.

કન્વીનર શ્રી રતિલાલ વાલજી ખોના, મનિષાબેન મિતેશ લાલકા તથા જલ્પાબેન ઉત્તિન લોડાયા તથા તેમની સંપૂર્ણ ટીમના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમના સંચાલનની જવાબદારી ધારિણીબેન મોતાએ પોતાની ધારદાર શૈલીમાં ઈચ્છુક ઉમેદવારોનો રમત-ગમત, પ્રશ્નોતરી દ્વારા બધાનો પરિચય, લાઈવ સ્ક્રીન પર દરેકની સંપૂર્ણ માહિતિ તેમજ યુવક-યુવતીઓની તેમના વાલીઓ સાથે વ્યક્તિગત મીટીંગ દરમ્યાન હોલમાં ઉપસ્થિત અન્ય વાલીઓને પણ મનોરંજન પિરસતી રમત રમાડવામાં આવેલ.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

આયોજીત



દાતાઓના સહયોગથી પર્યુષણ પર્વ બાદ
પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
ના જન્મદિવસના અવસરે



## ચૈત્યપરિપાટી
## સિદ્ધાચલ યાત્રા

**પ્રસ્થાન : બુધવાર, તા. ૧૪-૦૯-૨૦૧૬ ભાવનગર એક્સપ્રેસ દ્વારા**
**આગમન : શનિવાર, તા. ૧૭-૦૯-૨૦૧૬ મુંબઈ આગમન**

**મહાજન કાર્યાલયે પ્રતિ વ્યક્તિ દીઠ રૂપિયા ૮૦૦/- તારીખ : ૦૫/૦૫/૨૦૧૬ સુધી ભરીને આપના નામો વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૧૦૦ યાત્રિકો માટે.**

વધુ માહિતી માટે : **ધાર્મિક સમિતિ કન્વીનર**

**હિરેન નવિનચંદ્ર લાપસીયા - 098194 10399**

**મહાજન કાર્યાલય :**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : 022-2344 8274



॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

૭૫મા હિરક જયંતી સમૂહ લગ્નોત્સવ સમારોહના સુમધુર સંભારણામાં આપશ્રીએ ઉદારદિલે આપેલ સાથ સહકાર તેમજ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી કરેલ સદ્ઉપયોગની ભાવના સહ અમૂલ્ય લાભ લઈ જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. સાથે સાથે આપના વડીલજનો, વંશ-વારસો-કુળ ગામ તથા મહાજનશ્રીની કિર્તીના વિજય પતાકા દિગંત સુધી લહેરાવી ઉત્કૃષ્ટ કોટિનું કાર્ય કરેલ છે.

આપના સત્કાર્યોની અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. આપની સદા વૃદ્ધિ રહો-સમૃદ્ધિ રહો તેમજ તન-મન-ધનથી જ્ઞાતિના કાર્યોમાં સહભાગી થાઓ તેમજ આપ અન્ય માટે પ્રેરણાદાયી થાઓ એજ શુભ ભાવના સહ....

## આમંત્રણ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત

**૭૬મો સમૂહ લગ્ન સમારોહ વિક્રમ સંવત ૨૦૭૨, ચૈત્ર વદ-૨ શનિવાર, તા. ૨૩-૦૪-૨૦૧૬ના શુભ દિને ભાંડુપના આંગણે યોજેલ છે.**

## માંગલિક પ્રસંગોની રૂપરેખા

| -: સામૈયું :- | -: હસ્ત મેળાપ :- | -: ભોજન સમારંભ :- |
|---|---|---|
| સવારના ૧૧.૩૯ કલાકે | બપોરના ૧૨.૩૯ કલાકે | સવારના ૧૧.૦૦ કલાકે થી... |

**શુભ લગ્ન સ્થળ :** શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, ૧૦૭, અનંત સિધ્ધિ, જૈન દેરાસર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

આ શુભ દિને પાંચ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે આ અવસરે નવયુગલોને આપના અંતરના આર્શિવાદ આપવા સહકુટુંબ, સહપરિવાર સમૂહલગ્નના માંડવે.... મહાજનશ્રીના આંગણે... અવશ્ય પધારી શોભામાં અભિવૃધ્ધિ કરશોજી.

વ્યક્તિગત ભેટ તથા ચાંદલાની પ્રથા બંધ છે, પરંતુ આપશ્રીને ભેટ કે ચાંદલો આપવાની ભાવના હોય તો દરેક નવયુગલને એક સરખી ભેટ કે ચાંદલો મહાજનશ્રી મારફત આપી શકાશે. તેવીજ રીતે મહાજનશ્રીના જનરલ ફંડમાં પણ આપનો ઉદાર હાથે સહયોગ આપશોજી

*પ્રસંગ છે જ્ઞાતિ તણો.... તમે પોતાનો માનજો, પધારી ઉમંગથી અવસર આ દિપાવજો...*

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી** પ્રમુખ : શ્રી કલ્પેશ માણેકજી મોતા

## ૭૫મા સમૂહ લગ્નના દાતાશ્રીઓની નામાવલિ

**સમૂહ લગ્નના સહાયક આધાર સ્તંભ દાતાશ્રી**

**શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા પરિવાર** (તેરા-મુલુંડ)
**માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર** (સાંયરા-ડોંબિવલી)

**કન્યાદાનના મુખ્ય આધાર સ્તંભ દાતાશ્રી**

**માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી પરિવાર**
(મોટી સિંધોડી-ડોંબિવલી)

**કન્યાદાનના સહાયક આધાર સ્તંભ દાતાશ્રી : રૂા. ૫૧૦૦/- (૧) લેખે**

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા - રાપરગઢવારી (૩) • માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા - વરાડીયા (૩) • શ્રી બિપીનબાઈ પાશ્વીર નાગડા - રંગપુર (૩) • સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ - સાંઘવ (૩) • માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા દલતુંગી (૩)• માતુશ્રી સુશિલાબાઈ કાંતિલાલ ધરમશી - સેવક ભરૂડીયા (૩) • માતુશ્રી વિજયાબાઈ ડુંગરશી લાપસિયા - દલતુંગી (૨) • માતુશ્રી ધનબાઈ રામજી નાગડા - રંગપુર (૨) • માતુશ્રી મોંઘીબાઈ લાલજી લાલકા - રંગપુર (૨) • માતુશ્રી લલિતાબાઈ કેશવજી ધરમશી - રંગપુર (૨) • માતુશ્રી કાંતાબાઈ રમેશ ધુલ્લા - તેરા (૨) • માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ - દલતુંગી (૧) • શ્રીમતી પ્રવિણા હિરાચંદ નાગડા - રાપરગઢવારી (૧) • શ્રી ગિરીશ ખીમજી લોડાયા - મોટી ખાવડી (૧) • શ્રીમતી ભાવના બિપીન શિયાલ - દલતુંગી (૧) • શ્રીમતી કોમલ કલ્પેશ માલદે - દલતુંગી (૧) • એક સદગૃહસ્થ તરફથી - રંગપુર (૧) • એક સદગૃહસ્થ તરફથી - દલતુંગી (૧) • પ્રિયાંશી જયેશ લોડાયા - મુલુંડ (૧) • શ્રી રાયચંદ દેવશી જીવાણી - જખૌ (૧) • ફાઈવ સ્ટાર કેટરર્સ - ભાંડુપ (૧) • શ્રી લેરીન વર્ધમાન ખોના - સુજાપર (૧) • એક સદગૃહસ્થ તરફથી - વરાડીયા (૧) • શ્રી હિરાચંદ વિસનજી નાગડા -રાપર ગઢવારી (૧) • માતુશ્રી કાન્તાબેન વેરશી લોડાયા - દલતુંગી હસ્તે રીટા હીતેશ લોડાયા (૧) • એક સદગૃહસ્થ તરફથી - મુંબઈ (૧) • એક સદગૃહસ્થ તરફથી - આરીખાણા (૧) • એક સદગૃહસ્થ તરફથી - આરીખાણા (૧) • એક સદગૃહસ્થ તરફથી - નલિયા (૧) • એક સદગૃહસ્થ તરફથી - વાંકુ (૧) • શ્રીમતી હેમલતા લહેરચંદ મોતા - નલિયા (૧) • શ્રી વિજય કેશવજી મોતા - જખૌ (૧) • સુશિલાદેવી સાંકલચંદ કાંકરીયા - સનાવત MP (૧) • મિનાક્ષીબેન પદમશી સાયલા -તેરા (૧) • નવીન હરશી વોરા - ગોએરસમા (૧) • હિતેન રાઘવજી રાંભિયા - સમાઘોઘા (૧) • શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગદગ (૧) • માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા - સાંઘવ (૧) • શ્રી ક.દ.ઓ. એક્ટીવ વોટસઅપ ગ્રુપ-મુંબઈ (૧) • શ્રી મુલજી નરશી પોલડીયા - બાયઠ (૧) **પાનેતર (૩) : શ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર** (સાંઘવ)

**૭૫મા સમૂહ લગ્ન મહાજન ફંડમાં આવેલ ફાળો :** હેમરાજ મેઘજી ગોશર -બાયઠ • ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી - રંગપૂર • કેતન કુલિનકાંત નાગડા - નાંદેડ • મિનલબેન ભરત ખોના - સુથરી • પ્રફુલ ચિમનલાલ મોતા - તેરા

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

## દ્વારા આયોજિત ૭૫ હીરક સમૂહ લગ્ન સમારોહ દરમ્યાન

ભેટ સોગાદના દાતાશ્રી પરિવાર

૭૫માં સમૂહ લગ્નમાં કન્યાદાનમાં આવેલ ભેટ સોગાદોની યાદી
(દરેક ભેટ સોગાદ ત્રણ સેટ મુજબ)

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૧ | પૂજાની જોડી | માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા (રાપર ગઢવારી) |
| ૨ | અષ્ટ મંગલ | માતુશ્રી નેણબાઇ હીરજી લોડાયા (સુથરી) હ. રમેશભાઇ |
| ૩ | મોતીનો સેટ | દમયંતીબેન ચાંપશી લોડાયા (પરબવાળા) |
| ૪ | સોનાની ચેન | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૫ | સોનાની વીંટી | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૬ | સોનાની કાન બુટ્ટી | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૭ | ૭૫ ગ્રામ ચાંદીની ગીની (કન્યાદાન) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ |
| ૮ | ૧૦ ગ્રામ ચાંદીની ગીની | વિજયાબેન મહેન્દ્ર શામજી લોડાયા (સાંયરા) |
| ૯ | ચાંદીની ઘી-બત્તી | શ્રી ઉમેશ વીરચંદ ધરમશી (સુથરી-વાશી) |
| ૧૦ | ૨૫ ગ્રામ ચાંદીની ગીની | માતુશ્રી લક્ષ્મીબેન નારાણજી ખોના (તેરા) |
| ૧૧ | ચાંદીના ઝૂડા કમરના | એક સદ્ગૃહસ્થ તરફથી (હ. રૂચી ગોલ્ડ જ્વેલર્સ) |
| ૧૨ | સાચા હીરાની સરી | શ્રી પ્રેમચંદ માલશી મોતા (કુવાપધર-કલકત્તા) |
| ૧૩ | ચાંદીની ગાય | માતુશ્રી વિજયાબાઇ પદમશી નાગડા (ધૂમ)(નલીયા) |
| ૧૪ | મંગલસૂત્ર | બીના પદમ ઠાકરશી પોલડીયા (ડુમરા) |
| ૧૫ | ચાંદીના ગ્લાસ | શ્રી નવીન રતનશી લોડાયા (મોટી ખાવડી-મુલુંડ) ચિ. હરેશના લગ્ન નિમિત્તે |
| ૧૬ | સાચા હીરાની વીંટી | અ.સૌ. ચંદ્રીકાબેન લલીત ટોકરશી લોડાયા (રાપર ગઢવારી / હૈદ્રાબાદ) |
| ૧૭ | ૧ ગ્રામ ફુલ સેટ (ચંદન હાર, મોટા ચૂડા, મોતીની બંગડી, મોતીની માળા, નાકની ચૂંક, માચીશ, રોઝ, કાનના બુટીયા સહીત) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૧૮ | પાનેતર | શ્રી મુલજી રાઘવજી લોડાયા (સાંધવ) (અત્યાર સુધીના કાયમી દાતા) |
| ૧૯ | ધાર્મિક પુસ્તક | પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટ (ઘાટકોપર) |
| ૨૦ | પંજાબી સૂટ કન્યા માટે | પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટ (ઘાટકોપર) |
| ૨૧ | સિફોન સાડી | પાંજો પ્રતિબિંબ ટ્રસ્ટ (ઘાટકોપર) |
| ૨૨ | ટોવેલ સેટ મોટા | શ્રી ધનજી લખમશી ધરમશી હ. ગીરીશભાઇ (કોઠારા) |
| ૨૩ | મિક્સર ગ્રાઇન્ડર | શ્રી ચીમનલાલ દામજી મોમાયા (બારોઇ-સેંધવા) |
| ૨૪ | નોન સ્ટીક તવા | કચ્છી દાબેલીવાળા (વડોદરા) |
| ૨૫ | મેડીકલ કીટ | મયંક મેડીકલ સ્ટોર્સ (સેંધવા) |

૭૫માં સમૂહ લગ્નમાં કન્યાદાનમાં આવેલ ભેટ સોગાદોની યાદી
(દરેક ભેટ સોગાદ ત્રણ સેટ મુજબ)

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૨૬ | બ્રાન્ડેડ બેડશીટ વીથ પીલો કવર | કુસુમબેન ધનજી ધરમશી (હુબલી) |
| ૨૭ | ચણીયાચોલી (દાંડીયા માટે) | શ્રી પ્રફુલ ધનજી મૈશેરી (સાંધાણ) |
| ૨૮ | લેડીઝ ક્રોસીયો રૂમાલ | પ્રીતિબેન લોડાયા |
| ૨૯ | બ્રાન્ડેડ કાંડા ઘડિયાળ | મીનાબેન ગુલાબ મોતા (કુવાપધર) |
| ૩૦ | બ્રાન્ડેડ વોલ ક્લોક | મીનાબેન ગુલાબ મોતા (કુવાપધર) |
| ૩૧ | હાથના અને ન્હાવાના ટુવાલ ૩x૨નંગ | એક સદ્ગૃહસ્થ તરફથી |
| ૩૨ | માઇક્રોવેન ઓવન | શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેંબુર) |
| ૩૩ | ટ્રાવેલીંગ કીટ | શ્રી મુલજી નરશી પોલડીયા (બાયઠ) મે. સીનીયર ગ્રુપ |
| ૩૪ | પ્રેશર કુકર ડબ્બા સાથે | માતુશ્રી ધનબાઇ રામજી નાગડા (રંગપુર) |
| ૩૫ | સ્ટીલનું ટિફીન (૪ ખાના વાળું) | માતુશ્રી ધનબાઇ રામજી નાગડા (રંગપુર) |
| ૩૬ | નોન સ્ટીક ઢોસા પેન | માતુશ્રી ધનબાઇ રામજી નાગડા (રંગપુર) |
| ૩૭ | ધાર્મિક ઉપકરણ કીટ | એક સદ્ગૃહસ્થ તરફથી (રંગપુર) |
| ૩૮ | ગેસનો ચૂલો (સ્ટીલનો) | માતુશ્રી બાંયાબાઇ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી) માતુશ્રી જયાબાઇ મોતીલાલ લોડાયા (મોટી ખાવડી) |
| ૩૯ | ફીલીપ્સ ઇલે. ઇસ્ત્રી | માતુશ્રી જયાબાઇ વિશનજી લોડાયા (મોટી ખાવડી) |
| ૪૦ | અલ્હાબાદી શેતરંજી | શ્રી મોટી ખાવડી હિતવર્ધક મુંબઇ કમિટી |
| ૪૧ | ટ્રાવેલીંગ બેગ | મે. તન-મન-ટૂર્સ ટ્રાવેલ્સ હ. ચીમનભાઇ (વારાપધર) |
| ૪૨ | નાકની નથ | કાંતાબાઇ ગોવિંદજી અજાણી (કોઠારા) |
| ૪૩ | એટલાસ કોલ્ડ બોટલ | એક સદ્ગૃહસ્થ |
| ૪૪ | મિક્સર - ગ્રાઇન્ડર - જ્યુસર | શ્રીમતી રાજુલ ભદ્રેશ પટેલ (સાંયરા) |
| ૪૫ | ઇમ્પો. ટપરવેર ટીફીન | વિજયાબેન કિશોર ગોસર (બારોઇ) |
| ૪૬ | પ્રેશર કુકર | શ્રી પદમશી ઘેલાભાઇ મોતા (નલીયા-વાશી) |
| ૪૭ | બ્યુટી કીટ | વિજયાબેન લક્ષ્મીચંદ લોડાયા (પરજાઉ-મુલુન્ડ) |
| ૪૮ | ઇલે. બોસ છાસ માટે | માતુશ્રી વિજયાબાઇ કુંવરજી હરશી લોડાયા (રાપર ગઢવારી) |
| ૪૯ | કાંસાની થાળી-વાટકી સેટ | માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા (મોટી ખાવડી) મે. કીંજલ બ્યુટી પાર્લર |
| ૫૦ | ટ્રાવેલ ટ્રોલી સુટકેશ | શ્રી મુલચંદ માડણ સોની (હ. માતુશ્રી મીનાક્ષીબેન) (જખૌ) |
| ૫૧ | સ્ટીલની થાળી-વાટકી-ગ્લાસ સેટ | સ્વ. નિલમ પ્રવિણ મોતા (કુવાપધર) હસ્તે : શ્રી પ્રવિણ બી. મોતા |
| ૫૨ | સ્ટીલના વાસણનો સેટ (૪૪ નંગ) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ માંથી) |

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૫૩ | માઇક્રોવેવ ઓવન બાઉલ (૫ નંગ) | એક સદ્‌ગૃહસ્થ |
| ૫૪ | ગ્લાસ કેસરોલ | એક સદ્‌ગૃહસ્થ |
| ૫૫ | માયો હાંડી (૩ નંગ સેટ) | એક સદ્‌ગૃહસ્થ |
| ૫૬ | સિયારામ સૂટ કાપડ | એક સદ્‌ગૃહસ્થ |
| ૫૭ | સોલાર લાઇટ | શ્રી પારસ લહેરચંદ પટેલ (બાંઢીયા) |
| ૫૮ | પરફ્યુમ બોટલ સેટ (૩ નંગ-વિવા) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૫૯ | ડીઓ સ્પ્રે ૩-નંગ સેટ (હાર્મની) | કાજલ મુંજાલ (મુલુંડ) |
| ૬૦ | સ્ટીલના ૬-મોટા ડબાનું સેટ | માતુશ્રી નિર્મળાબેન વિરચંદ છેડા (સુજાપુર-રાયપુર) |
| ૬૧ | ઇલે. ગ્રીલ ટોસ્ટર | શ્રીમતી વિજયા દિનેશ લોડાયા (આરીખાણા) |
| ૬૨ | ઇલે. ઇન્ડક્શન સગડી | માતુશ્રી કસ્તુરબેન કેશવજી લોડાયા (આરીખાણા) |
| ૬૩ | સીલ્વર કોટેડ કપ-રકાબી-કીટલી સેટ | શ્રી લાલજી રતનશી મહેશ્વરી (જખૌ-પુના) શ્રીમતી મીના મુકેશ મૈશેરી (જખૌ-નાગપુર) |
| ૬૪ | ફેન્સી ચાંદલા-બક્કલ કીટ | શ્રીમતી જીજ્ઞા વિજય છેડા (સુજાપુર) |
| ૬૫ | સોગો ગ્લાસવેર (૨-બરણી સેટ-જાર) | શ્રી નરેશ જયંતિલાલ મૈશેરી - ફોટોગ્રાફર (લાલા) |
| ૬૬ | કાંચના ગ્લાસનો સેટ (૬ નંગ) | શ્રી નરેશ જયંતિલાલ મૈશેરી - ફોટોગ્રાફર (લાલા) |
| ૬૭ | કોનવેક્ષ આટામેકર | મે. સંગીતા બ્રાઇડલ સ્ટુડીઓ (ગઢશીસા-ઘાટકોપર) હ.: શ્રીમતી જીજ્ઞા છેડા |
| ૬૮ | ઓસ્કાર પીકલ બરણી | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૬૯ | કોનવેક્ષ સેવ મેકર | શ્રી નરેશ જયંતિલાલ મૈશેરી - ફોટોગ્રાફર (લાલા) |
| ૭૦ | આઇસક્રીમ બાઉલ ડીઝાઇનર (૬ નંગ) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૭૧ | સિલ્વર કોટેડ મુખવાસ ડબ્બી સેટ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૭૨ | સોલાપુર ચાદર (૨-નંગ સેટ) | શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી (રંગપુર) |
| ૭૩ | રજાઇ | માતુશ્રી ધનલક્ષ્મી લખમશી ભારમલ સત્રા (ભચાઉ) |
| ૭૪ | ગરમ શાલ | શ્રી અમીત ગુપ્તા |
| ૭૫ | અશોકા રૂમાલ (૧ ડઝન) | માતુશ્રી બાયાંબાઇ માણેકજી મૈશેરી (ગોધરા) |
| ૭૬ | ઇડલી કુકર | શ્રીમતી નીલમ મયુર નાગડા (તેરા) |
| ૭૭ | લેડીઝ પર્સ | શ્રી અભેશ ધરમશી (તેરા) |
| ૭૮ | વન સ્ટેપ કટીંગ સ્લાઇસર | શ્રી નરેન્દ્રભાઇ મોતા (તેરા) |
| ૭૯ | ફોલ્ડીંગ ટ્રાવેલ બેગ | કાંતાબેન કુમારપાળ મોમાયા (વરાડીયા) |
| ૮૦ | નાઇટ લેમ્પ / ઘડીયાળ | શ્રી જયચંદ ખેતશી ધરમશી (તેરા) |
| ૮૧ | વોટર ફીલ્ટર | મે. વિપુલ કોર્પોરેશન (વાશી) |
| ૮૨ | કપડાના હેંગર | માતુશ્રી નેણબાઇ હીરજી લોડાયા (સુથરી) હ. શ્રી રમેશભાઇ |
| ૮૩ | કાંચના ગ્લાસ સેટ (૬ નંગ) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ) |
| ૮૪ | ડાયમંડનો સેટ (ઇમીટેશન જ્વેલરી) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ) |

| ક્રમ | કન્યાદાનની વસ્તુનું નામ | દાતાશ્રી પરિવારનું નામ |
|---|---|---|
| ૮૫ | મોતીનો સેટ (ઇમીટેશન જ્વેલરી) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ) |
| ૮૬ | ચોકીનો સેટ (ઇમીટેશન જ્વેલરી) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ) |
| ૮૭ | દરવાજાનું તોરણ | શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપુર) |
| ૮૮ | મેલેમાઇન ડીનર સેટ (૩૨ નંગ) | માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી લોડાયા (મોટી ખાવડી) હ. રંજન પ્રવિણ લોડાયા |
| ૮૯ | કોલ્ડ વોટર જગ | માતુશ્રી મણીબેન હંસરાજ લોડાયા (મોટી ખાવડી-થાણા) |
| ૯૦ | ડીઝાઇનર ડ્રાયફ્રુટ બાઉલ (૬ નંગ) | માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના (મોટી ખાવડી) |
| ૯૧ | બ્રાન્ડેડ હોટ-કોલ્ડ થર્મોસ | માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા (મોટી ખાવડી) |
| ૯૨ | બ્રાન્ડેડ હોટ કેસરોલ | માતુશ્રી સોનબાઇ દામજી માલદે (દલતુંગી) |
| ૯૩ | ડબલ બેડશીટ વીથ પીલો કવર | માતુશ્રી મધુબેન હીરેન દંડ (ભરૂડીયા) |
| ૯૪ | સ્ટીલના ડબા સેટ (૩ નંગ) | શ્રી તેજપાલ લખમશી ધરમશી (લાલા) |
| ૯૫ | ફ્રીઝ બોટલ સેટ (૬ નંગ) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૯૬ | ફોટો ફ્રેમ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ |
| ૯૭ | હાથના ટૂવાલ (૬ નંગ) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૯૮ | ડિઝાઇનર છાબ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૯૯ | સાડી કવર (૬-મોટા, ૪-નાના) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૧૦૦ | પૂજાના બટૂવા | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૧૦૧ | સ્ટાઇલીશ સાડી પીન (કલર કોમ્બો) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૧૦૨ | બેંગલ બોક્ષ કમ જ્વેલરી બોક્ષ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |
| ૧૦૩ | બાથરૂમ સેટ | એક સદ્‌ગૃહસ્થ (જખૌ-મુલુન્ડ) |
| ૧૦૪ | કપ-રકાબી સેટ | શ્રી દિનેશ ખેતશી ધરમશી (તેરા) |
| ૧૦૫ | ટોર્ચ | શ્રીમતી જ્યોતીબેન અજીત લોડાયા (તેરા) |
| ૧૦૬ | પરફ્યુમ બોટલ | શ્રીમતી જ્યોતીબેન અજીત લોડાયા (તેરા) |
| ૧૦૭ | ગ્લાસ આઇટમ કીચનવેર | શ્રી મણીલાલ કેશવજી મોતા (તેરા) |
| ૧૦૮ | જેન્ટસ લેધર પર્સ | કુહુ / ક્રિષા ખંતીલ લોડાયા (સુથરી) |
| ૧૦૯ | ડીઝીટલ ઘડીયાળ | ચિ. રૂચી વિરચંદ લોડાયા (સુથરી) |
| ૧૧૦ | ચાર્જેબલ બેટરી | શ્રીમતી સુશીલા વિરચંદ લોડાયા (સુથરી) |
| ૧૧૧ | સ્ટીલના ચા-પત્તી ડબ્બા (૨ નંગ) | માતુશ્રી વાલબાઇ દામજી ધ્રોળ (કોટડી મહાદેવપુરી) |
| ૧૧૨ | નાઇસર-ડાઇસર (કિચનવેર) | શ્રી નરેન્દ્ર ચીમનલાલ મોતા (લાખણીયા) |
| ૧૧૩ | શર્ટ પીસ | શ્રી રાજકુમાર નરેન્દ્ર દંડ (સાંધવ) |
| ૧૧૪ | ડ્રાયફ્રુટ પેકેટ | શ્રી કાનજી મનજી મેવાવાળા |
| ૧૧૫ | ડ્રાયફ્રુટ બોક્સ ટ્રે (ફાઇબર) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ (દાતાશ્રી ફંડ) |

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**(સમૂહ લગ્ન સમિતિ)**

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

અગાઉ વહીવંચાઓ સરસ્વતી પુત્રો તરીકે ઓળખાતા. આ સમજ સંસ્કાર, સંસ્કૃતિ, રીત-રીવાજો અને ઈતિહાસ જાળવી રાખનારો સમાજ હતો. બારોટો સત્કર્મને બીરદાવવામાં પૂર્વજોની કિર્તી યશોગાથા જાળવી રાખવામાં આગળ હતા તો અન્યાય કે નીંદનીય કૃત્યોનો વિરોધ કરવામાં પણ મોખરે હતા.

વહીવંચાઓની વહીઓ એટલે સંસ્કૃતિનો ચોપડો. આ વહીઓ આપણા ભવ્ય ભુતકાળને જાણવાનું એક સબળ સાધન છે. કોઈ રાજવીઓની વહીઓ તો ૨૫ કિલો જેટલી વજન ધરાવે છે. આવી વહીઓમાં રાજવીની વંશાવલીઓ ઉપરાંત સુકૃત્યોનો અનેક બનાવોની નોંધો છે.

**દેઢિયા ગામની નોંધ :** વિસરીયા મોતો ભરકીયાણી ભાર્યા (ભા.) કમઈ, પુત્ર (પુ.) તેજપાર ભા. ગોમો, પુ. પેથો-૧, પરબત-૨, મેઘા-૩, પરબત ભાર્યા મેઘાદે પુ. માણક. પરબત સાથે માતા ગોમાબાઈએ સાગવાન કીધો (સતિ ગયા).

**રામની નાંદુરાના વિસરીયા મોતા :** નાંદુરામાં ઘટ્ટા મંત્રી થયા ત્યાંથી ઘટ્ટા ઓડક થઈ. ઘટ્ટાનો પુત્ર વરસંગ-૧, મેરગ-૨, તોસ્વા-૩, જેતો-૪ થયા. વરસંગ પુત્ર ધુસા, પુત્ર રાણસી, પુત્ર દેવડ, પુત્ર રેલો પુ. નાડો-૧, લુણો-૨, મોકલ-૩, જેસંગ-૪ હાલે (હાલાર) આવ્યો સં ૧૫૯૫ (ઇ.સ. ૧૫૩૯) વરસે.

ઘટ્ટા સંતાનીયા જેતાનો પરિવાર. જેતા પુ. નાગાર્જુન-૧, બાબર-૨, નાગાર્જુન પુ. નરીઓ, પુ. રાણો-૧, ચામંગ-૨, વકીયો-૩, રાણા પુ. હાપા પુ. મોકલ-૧, વકાર-૨. હાલારમાં આવ્યા દેદાની વિસોતરીએ સં. ૧૫૯૫ (ઈ.સ. ૧૫૩૯). આગળ જતા દેવડનો પરિવાર ગોધરે વસ્યો.

**તલવાણાના વિસરીયા મોતા :** મંત્રી માડણ વાગડથી કોહા આવ્યા. કોહામાં વ્યાપારી હતા. ત્યાંથી શ્રીમાલી મંત્રી ખીમાની બહેન સાથે સંબંધ થયો. ઓધાન રહ્યા. મંત્રી ખીમાએ બહેનને મં. માડણને ઘરે લાવી મુકી. પછી માડણે તેનો સ્વીકાર કર્યો તેનાથી મેઘો અને મોહણો થયા. મંત્રી મોહણ દશો થયો. મોહન ભાર્યા રાણી પુ. રાણો તલુઆણે (તલવાણે) રહ્યા.

**ગોઆણા (હાલાર) વિસરીયા મોતા :** વિસરીયા મોતામાં પબાણી ઓળખ છે. ગોઆણામાં પબાણી નુખમાં સહદે પુ. મેગરાજ-૧, ધીરો-૨. આ સહદે બાપા ગાયોની વહારે જતાં શહીદ થયા. સંવત ૧૬૩૧ (ઇ.સ. ૧૫૭૫) વર્ષે ગોઆણા મધે. આ સહદેનો પુત્ર ધીરો તેનો લખધીર જે ગુઆણાથી કચ્છમાં ભાચૂડે અને ત્યાંથી તેરા વસ્યો. લખધીર પુત્ર વાછીયો તેરામાં છે. આ વાછીયાનો પુત્ર જગો રાયધણજર વસ્યો.

**નલીયામાં વિસરીયા મોતા :** કોકા પુ. મુલો પુ. લખધીર ૧,


।। શ્રી શાંતિનાથાય નમઃ ।।



**અભિનંદન... હાર્દિક અભિનંદન...**

**શાહ વિરચંદ ચાંપશી ભવાનજી ધરમશી (પાવડા)**

**કોઠારા, મુલુંડ (પૂ)**

પરમ આત્મીય સ્નેહીશ્રી,

સ્થાનિકે શ્રી કોઠારાગામે મહાજનશ્રી, શ્રી શાંતિનાથ દેરાસરજી ટ્રસ્ટ, શ્રી પાંજરાપોળ ટ્રસ્ટ આદિ વિવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી પદને શોભાવતા આપે સેવાના ક્ષેત્રે અનેકાનેક સુકાર્યો કરી, આપના જીવનને આદર્શ એવમ્ પુણ્યવંતું બનાવ્યું છે. સિદ્ધિના આવા વિરલ સોપાન સર કરતા કરતા અત્રે **શ્રી અચલગચ્છ જૈન સંઘ – મુલૂંડ પૂર્વ ના ટ્રસ્ટી પદે આપશ્રી ની વરણી થઈ છે**, એ અમારા સૌ માટે ખૂબજ ગૌરવની વાત છે.

આપ શ્રમણ શ્રમણી ભગવંતોની વ્યાવચ્ચ તેમજ જિનશાસન / સમાજની અવિરત સેવામાં સદૈવ કાર્યરત રહી, આ ભવે પુણ્યનું ભાથું ઉપાર્જીત કરતા રહો એજ વીર પ્રભુને પ્રાર્થના એવમ્ અભ્યર્થના સહ...

**સેવા ક્ષેત્રે આપની પ્રગતિ – એજ અમારું સદ્‌ભાગ્ય**

**માતુશ્રી ખેતબાઈ ચાંપશી ભવાનજી શાહ પરિવાર (કોઠારા)**

**માતુશ્રી વાલબાઈ કુંવરજી ધારશી મોતા પરિવાર (તેરા)**

**માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા પરિવાર (આરિખાણા)**

**આપનો બાગબાન તથા સ્નેહી-સ્વજનો....**

વકીઓ ૨, સાંમલ ૩. લખધીર સં. ૧૭૧૭ (ઈ.સ. ૧૬૬૧) વરસે મરણ પામ્યો. પાછળ મં. વકીઆ અને મં. સામલ (બંધુ) એ મહાજનમાં ઘીની લાણી કીધી. નલીયા મધે બે વાર લાણી કીધી. (અગાઉ ઓસવાલો પાસે પશુધન પુષ્કળ એટલે ખાલી કળશીયા / લોટાની લાણી ન કરતાં પરંતુ ઘીથી ભરેલા કળશીયાની લાણી કરતા હતા.)

**કોઠારાના વિસરીયા મોતા :** સંવત ૧૭૧૫ (ઈ.સ. ૧૬૫૯) વરસે પિતા દેવસી નિમિત્તે દશા-વીસા ભેગા કર્યા (દેશમેળો) દેશમેળો દિવસ ૩નો કીધો. જમણ લાપસી. કાના પુત્ર અધીયો પુ. દેવસી પુ. પુનરજ પુ. ભારમલ. આ મેળો પુત્ર પુનરાજે કીધો. પુનરાજે માતા કમઈ વાંસે વડો મેળો કીધો. ગામ ૪૫ જમાડ્યા. પુનરાજે દેશમાં લાણી કીધી. ઘી મણ ૨૦૦ બેઠા. આ પુનરાજે પાછળથી પત્ની વાંસે ત્રીજો મેડો કીધો. આજથી ૩૫૦ વરસ પહેલા ત્રણ-ત્રણ મેડા કરનાર પુનરાની શ્રીમંતાઈ જોઈ શકાય છે. આપણે શેઠશ્રી નરશીનાથા અને કેશવજી નાયકથી મુંબઈ આગમન બાદ આપણે શ્રીમંત થયા એવું માનીએ છીએ પરંતુ આ મેડાઓ શેઠશ્રીના સમયથી પણ ૧૫૦ વરસ પહેલાંના છે.

વિસરીયા મોતા પરિવારમાં પ્રસિધ્ધ પુરુષ શેઠશ્રી ભારમલ તેજસી થયા જેઓ કુવાપધરના હતા અને શેઠશ્રી નરશી નાથાના સાળા થતા હતા. કુઆપધરથી તેઓ નલીયે વસ્યા. જ્ઞાતિ શિરોમણીનાં આર્થિક, સામાજિક અને ધાર્મિક કાર્યોનો બોજ પોતા ઉપર ઉઠાવી ભારમલ શેઠ સદાય જ્ઞાતિ શિણોમણીના છત્ર બનીને રહ્યા. જ્ઞાતિ શિરોમણીનાં અવસાન બાદ એમના વારસદારોને પણ ભારમલ શેઠ સદાય વફાદાર રહ્યા. તેઓ ધારત તો શેઠશ્રીનો પુરો વહીવટ પોતાનો કરી શકત પરંતુ તેઓ સદાય મંત્રી તરીકે જ રહ્યા. નરશી શેઠનાં કાર્ય નોંધ શીલા લેખોમાં ભારમલ શેઠે પોતાને શેઠશ્રીના મંત્રી તરીકે જ ઓળખાવ્યા. એમની જ્ઞાતિ પ્રત્યેની સેવાથી જ્ઞાતિએ એમને 'જ્ઞાતિ શુભેચ્છક'નું બિરુદ આપ્યું.

ભારમલ શેઠની વંસાવલી આ મુજબ છે. પત્રામલ પુ. કાનજી પુ. વીસર પુ. જેઠો પુ. તેજસી પુ. ભારમલ. જેમણે સં ૧૯૧૦માં નલીયામાં શાંતિનાથ જિનપ્રસાદ બંધાવ્યો. જ્ઞાતિ મેળો કીધો. જ્ઞાતિ શિરોમણી પરિવાર પર આવેલી વિપત્તિ વખતે ભારમલ શેઠ ઢાલ બની રહ્યા. જ્યારે સમગ્ર જ્ઞાતિ રૂના વેપારમાં એમરિકન મંદીના વમળમાં ફસાઈ ગયેલ ત્યારે ભારમલ શેઠે જ્ઞાતિજનોને બોલાવી જેને જેટલા રૂપિયા જોઈએ તે લઈ જવા પરંતુ જ્ઞાતિની આબરૂને એંટ ન આવે તેવું જણાવ્યું. એટલેથી ન અટકતા રૂની અગ્રણી વિલાયતની કંપની વીલીયમ નીકલને જણાવી દીધું કે 'મારો નાતીલો રૂ કન્સાઈન કરવા આવે કે રૂ લેવા આવે તો આપવું અને મારી સમગ્ર જ્ઞાતિની જવાબદારી (ગેરંટી) હું લઉં છું!!!' મંદીના સમયમાં સમગ્ર જ્ઞાતિના જામીન તરીકે ઊભા રહેવું એ એમની હિંમત અને જ્ઞાતિ પ્રેમ દર્શાવે છે. ભારમલ શેઠનાં આ પગલાથી જ્ઞાતિજનો મંદીને ખાળી શક્યા. અને જ્ઞાતિજનોની કરોડોની હુંડીઓ ભારમલ શેઠના નામે શાખ પર વહેંચાઈ. રૂપિયા મળતા જ્ઞાતિજનોએ બમણા જોશથી ધંધો કર્યો અને ખૂબ જ કમાયા.

જ્ઞાતિનાં જુના રીત રિવાજોમાં સુધારા ભારમલ શેઠે કરાવ્યા. એમણે જાહેર કરેલું કે કોઈપણ જ્ઞાતિજનોને જ્ઞાતિજન સામે વાંધો પડે તો કોર્ટમાં ન જવું પણ ઘરમેળે સમાધાન કરવું. દરરોજ બપોરે બે કલાક જ્ઞાતિના ઝગડા નિવારવા / નિકાલ કરવા માટે કાર્ય કરતા. તેમની એંટ એટલી કે કોઈ તેમની સામે કાંઈ કરી શકતું નહી. તેઓ જીવ્યા ત્યાં સુધી જ્ઞાતિમાં જ્ઞાતિજન સામે કોર્ટમાં એક પણ કેસ ન નોંધાયો. એમના અવસાન બાદ જ્ઞાતિને એક છત્રે લાવનાર કોઈ ન રહ્યું અને અનેક કેસ થયા અને લાખો રૂપિયા કોર્ટ કચેરીમાં જ્ઞાતિએ ગુમાવ્યા.

ભારમલ શેઠની દુરદંશી એવી હતી કે ગમે તેવી મુશ્કેલીમાં પણ માર્ગ કાઢી શકતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રીના વારસદારોની સ્થિતિ નબળી પડી ત્યારે જ્ઞાતિની ઘણી મિલ્કતો શેઠશ્રીના/વારસદારોના ચોપડામાં હતી અને શેઠશ્રીના વારસદારોના નામે હતી. જ્ઞાતિજનોને આ બધી મિલ્કતો ગુમાવવાનો વખત આવી ગયો. ભારમલ શેઠે વીલ/કરારો બનાવી કોર્ટમાં મંજૂરી મેળવી આવી મિલ્કતોને વારસદારોની મિલ્કતથી જુદી પડાવી બચાવી લીધી. આમ પણ વિસરીયા મોતા ગોત્ર ખૂબ જ બુધ્ધિવાન ગણાય છે કારણ કે આ ગોત્રમાંથી અનેક પુરુષો રાજ્ય / નગર કે ગ્રામનાં મંત્રીપદોને હોદે રહ્યા છે. અને વંશાવલીઓમાં આવા પુરુષોના નામ આગળ મંત્રી (મં.) ના


## જોઈએ છે

S.S.C. અથવા તેથી વધુ ભણેલા અમારી (Construction Site) બાંધકામની સાઈટ માટે સ્ટોર કીપર કમ સુપરવાઈઝરના કામ માટે. વય મર્યાદા : ૨૫ થી ૪૫ વર્ષ. આપની હસ્ત લીખીત અરજી સાથે ફોન કરી રૂબરૂ મળો.

-: સરનામું :-

**D.N.D. ENTERPRISES**

16, Shanti Bhuvan, 3rd Floor, Above Mecdonald's,
Opp. Railway Station, Mulund (West),
Mumbai - 400 080. **Tel.: 2564 7572**



સેલ ! સેલ !! સેલ !!!

**બાંધણીના કલા પ્રેમીઓ માટે આનંદ ઉત્સવ**

**50%** સુધીનું ડિસ્કાઉન્ટ

ડિઝાઈનર બાંધણી • ભભકાદાર • ચણિયાચોળી
બ્લોક પ્રિન્ટેડ ફેબરિક • ડિઝાઈનર બ્રાઈડલ ફૂટવેર
બાંધણીના ડ્રેસ મટિરિયલ્સ

**પાલવ** મુલુંડ

શોપ નં. ૧, ઓ વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ,
મુલુંડ (વેસ્ટ), ફોન : **2561 6842 / 2590 6287**

સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે

ઉલ્લેખ જોવા મળે છે. ભારમલ શેઠ જ્ઞાતિ શિરોમણીના ત્રણ મંત્રીઓમાં પ્રમુખ મંત્રી હતા.

નલીયાના દેવજી પુનસી વિસરીયા મોતાએ પાલીતાણા, ગિરીરાજ પર ધર્મનાથની દેરી તથા ગામમાં ધર્મશાળા બંધાવી વિ. સં. ૧૯૫૦ (ઇ.સ. ૧૮૯૪)માં. આજે પાલીતાણામાં અનેક ધર્મશાળાઓ છે પરંતુ ૧૦૦-૧૨૫ વરસ પહેલાં ૩૪ ધર્મશાળાઓ હતી જેમાંથી ચાર ધર્મશાળાઓ નાની એવી કચ્છી દશા ઓસવાલ નાતની હતી અને તેમાંથી એક દેવજી પુનશી મોતાની હતી.

ભાણાનો પુત્ર કલયો-૧, હેમચંદ્ર-૨, સારીયો-૩ તથા તેજો-૪. મંત્રી સારીયાનો પુત્ર લખધીર તેનો પોનો તેનો ધારીયો તેનો દેસલ. આ દેસલના પુત્રો જગો - ૧, જેતો-૨ અને રાણો-૩. જગો બેટ શંખોદ્ધાર (દ્વારકા) અને પછી ઘુમલીમાં વસ્યો. સં. ૧૨૩૬ (ઇ.સ. ૧૧૮૦)માં વાવ ખણાવી. તેના પરિવારમાં પુત્ર પાલો તેના પુત્રો તેજો-૧, ભોજો-૨, તાસુ-૩ અને જેતો થયા. જેતા શાહે પથ્થરની વાવ ખોદાવેલી જે જેતાવાવ તરીકે પ્રખ્યાત છે. આ વાવ બનાવવામાં ૧૫૦૦૦૦ ટંક (એ વખતનું ચલણ) વ્યય થયો.

સવંત ૧૯૬૦ (સને ૧૯૦૪)ના વૈશાખ માસે કાહીયો પરબતાણી નલીયાવારા વિસરીયા મોતા દેવગત થયા તે વાંસે ચોખરો કીધો. મિઠાઈનો જમણ કીધો. ગામ નરીયો તથા છાદુરા તથા વડસર તથા સોખપર તથા જસાપર તથા રામપોર જમાડીયા ગામ છ જમાડીયા. સગાવાળા જમાડીયા.

વહીમાં શેઠશ્રી નરશી નાથાના વારસદાર શ્રી વીરજી નરશી અને નરશીનાથાના સાળા શ્રી ભારમલ તેજસી દ્વારા નીકળેલ શત્રુંજય સંઘની નોંધ છે. મહા સુદ ૭ના સંવત ૧૯૦૮ (ઇ.સ. ૧૮૫૨)ના મુંબઈ બંદરેથી દરીયાઈ માર્ગે સંઘ ઘોઘા બંદર ઉતર્યો. ત્યાંથી ૧૨૫ ગાડાં ભાડે કરી સંઘ પાલીતાણા પહોંચ્યો. કચ્છથી સંઘ તેડાવ્યો તેમાં ૧૩૧ ગાડાં હતા. હાલાર વિભાગનાં ગાડાં ૩૨ ખાવડી પરગણાથી આવ્યા. સરવે મળી ૧૫૦૦ માણસ હતા. ફાગણ સુદ ૭, સંવત ૧૯૦૮ના યાત્રા પૂર્ણ થઈ. ત્યાંથી સંઘ રેણ અને વેળાસર ઉતરી કચ્છ આવી અંજાર અને ભદ્રેસરની યાત્રા કરી. અહીં વીરજી શેઠની તબિયત બગડી તેવી નોંધ છે. રસ્તામાં આવતા દેરા જુહારતો સંઘ ચૈત્ર સુદ ૪ને બુધવારે સં. ૧૯૦૮ના તા. ૨૪-૩-૧૮૫૨ના ગામે પહોંચ્યો. વીરજીશેઠની તબિયત વધારે બગડતા સાંજે દેવગત પામ્યા. દેશતેડું અટક્યું. વીરજી શેઠના મોતનું કારણ શેઠશ્રી નરશી નાથાના દ્વિતીય પત્ની વીરબાઇ હોવાનું લોકોની માન્યતા છે.

વહીમાં વિસરીયા મોતા નલીયાના ભારમલ તેજસીએ નલીયામાં બંધાવેલ શાંતિનાથ ભગવાનના દહેરાસર તથા ઉપાશ્રયનો ઉલ્લેખે છે. ઉપાશ્રય ખર્ચ રૂા. ૩૨૦૦૦ અને દહેરાસર ખર્ચ રૂા. ૬૪૦૦૦ જેટલો થયેલ. ભારમલ શેઠ નિર્મિત શાંતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા માગસર સુદ ૨ ને શુક્રવારના સંવત ૧૯૧૦ (ઇ.સ. ૧૮૫૪)ના થઈ. મુંબઈથી ૧૪ વહાણોમાં માણસો તથા સામાન માંડવી થઈ જખૌ પહોંચ્યો. ત્યાંથી ગાડા વાટે સંઘ નલીયા પહોંચ્યો. ૫૦૦ માણસો હતા. આ પ્રસંગે કોઠારાના શેઠશ્રી શીવજી નેણસી, જખૌના શેઠશ્રી જીવરાજ રતનશી, કોઠારાના શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી બુધા ડોસા વિગેરે અનેક નામાંકિત જ્ઞાતિજનો પધારેલ. બાવન ગામનો નાત મેળો થયેલ. હાલારની નાતનું નાત જમણ ખાવડી મુકામે અને મુંબઈમાં પણ નાત જમણ ભારમલ શેઠ તરફથી થયેલ. નાતમાં તાંબાના લોટા, સાકર ભરેલા અને સવા કોરી રોકડાની લ્હાણ થયેલ. કુલ્લ લોટા ૩૩૨૫ લોટાની લ્હાણ થયેલ. આ પ્રસંગે કચ્છના રાજવી રાવશ્રી દેસળજી કુંવર હમીરજી હુલામણું નામ ગગુભા તેમના કારભારી અને વિશાળ રસાલા ઘોડા, પાલખી અને રથ સાથે પધારેલ. કુલ્લ ૨૫૦ માણસો રાજવી સાથે પધાર્યા અને ચાર દિવસ નલીયામાં રોકાયેલ. રાઓશ્રીએ શેઠ શ્રી નરશી નાથા તથા ભારમલ શેઠના (બન્ને) દહેરાસરમાં દીવેલ અને પુજારીને વરસ એકની કોરી ૨૦૦ નો અવિચલ લેખ કરી આપેલ.

વહીઓમાં પરિવારોના થયેલ સ્થળાંતર (Migration) ની પણ નોંધો મળે છે. કોઆપધરવાળા મોતા ઉદેસી પચાણ વરાડિયે છે. રતનશી પચાણ કોઠારે છે, મોતા વીસરીયા ધ્રોફીવારા, પોનસી પાસવીર તેરે છે. મોતા વીસરીયા કોઠારેવારા માણેક હરધોરાણીના વાંકુ છે.

મોતા વીસરીયા નલીયાના કોરસી ખીંયરાના હાલારમાં છે. ગામ મોટી ખાવડીમાં છે. મેરગ કોરસીઆણી પુંજા મેરગાણી, રૂપસી પુંજાણી, ગોવધો પુંજાણી, પૂંજો મેરગાણી, રતનશી મેરગાણી, ભવાન મેરગાણી, રાયસી ભવાનજીઆણી, તેજસી ભવાનજીઆણી, ભાણજી ભવાનજીઆણી. ભવાન મેરગાણીના વીવા સંવત ૧૯૨૫ ફાગણ વદ ૭ ના ચરેલીયેથી લોડાઈયા લાલજી હરપારને માઢવેથી આવી નોંધ પરથી કચ્છમાંથી હાલારમાં વસેલા પરિવારોની કડી મેળવી શકાય છે. હાલારમાં વસેલ અન્ય મોતા પરિવાર રાપરથી ગયેલ છે. -ક્રમશઃ


**વરાડીયાનાં ગાંઠીયા તથા કોઠારાના પેંડા તેમજ**
**કચ્છની બધી આઈટમો આગોતરા ઑર્ડરથી**
**ઘર પહોંચ આપી જશું.**

**શ્રી અરિહંત ટ્રેડીંગ**
**મો.: 09920089346 / 09930823619**

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
**યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી**
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

# શ્રી અરીહંત કો. બેંક લી. ચૂંટણી બાબત

શ્રી અરીહંત કોપ. બેંક લી. ના ડાયરેક્ટરોની પંચવાર્ષિક ચૂંટણી શનિવાર તા. ૩૦/૦૪/૨૦૧૬ના યોજાશે. જનરલ કેટેગીરીની ૧૦ સીટ માટે કુલ ૧૬ અને મહિલા રિઝર્વ કેટેગીરીની ૨ સીટ માટે કુલ ૩ ઉમેદવારી પત્રક ભરાયા છે.

પુરા થયેલ ગત પાચ વર્ષ, એપ્રિલ ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૬ દરમ્યાનના પ્રથમ ૩ વર્ષમાં એવી ઘટનાઓ ઘટી જે અગાઉ ૨૭ વર્ષ દરમ્યાન બેંકમાં થઈ નથી. ત્યારબાદના ૨ વર્ષ દરમ્યાન બેંકના વહીવટ, કાર્યવાહી અને ખુદ બેંકનું અસ્તિત્વ ખોરવી નાખવાના હેતુપૂર્વક પ્રયાસો કરવામાં આવ્યા, જે અત્યાર પર્યંત ચાલુ જ છે. પરંતુ બેંક ને વફાદાર, સમર્પિત, કાબેલ, નિષ્ઠાવાન કેટલાક વહીવટદારો ના સામુહિક અને સંગઠિત વહીવટ થકી, બેંક હેમખેમ પાર ઉતરી છે. જેમાં બેંક ના સભ્યો, ખાતેદારો, ડેપોઝીટરો, ગ્રાહકો, કર્મચારીઓ આદિનો ઊલ્લેખનીય વિશ્વાસ અને ફાળો રહ્યો છે.

બેંકના ડાયરેક્ટરોની ચૂંટણીમાં વિઘાતક તત્વોને નસીહત આપી, વિકાસલક્ષી નેતૃત્વ પુરું પાડવાના હેતુથી સનિષ્ઠ ડાયરેક્ટરો એ બેંક ને સમર્પિત, વફાદાર સભ્યોના સહકારમાં સંગઠન કરી, ૧૨ ઉમેદવારોનું ગ્રુપ (સ્ટાર ગ્રુપ) રચી, ફોર્મ ભર્યા. સંગઠન થી પ્રેરિત થઈ, અન્ય એક ડાયરેક્ટર પણ ગ્રુપમાં જોડાયા. જનરલ કેટેગીરી માટે ૧૩ ઉમેદવારોનું ગ્રુપ – સ્ટાર ગ્રુપ થયું.

## સ્ટાર ગ્રુપ ના સભ્યોની નામાવલી :

૧. **ખોના મહેન્દ્ર દેવજી** – થાણા
૨. **ખોના (કાયાણી) કિશોર ખીમજી** – મુલુંડ
૩. **શાહ (સાયલા) નીતિન રાયચંદ** – ડોમ્બીવલી
૪. **નાગડા મણીકાંત વિસનજી** – મુલુંડ
૫. **ધરમશી ગુલાબ ડુંગરશી** – મુલુંડ
૬. **દંડ હીરાચંદ દામજી** – પાર્લા
૭. **મૈશેરી મુકેશ દામજી** – મુલુંડ
૮. **શાહ ડોલર પ્રતાપ** – મુલુંડ
૯. **કારાણી યશોધન રાયચંદ** – મુલુંડ
૧૦. **મોમાયા રતિલાલ શામજી** – ડોમ્બીવલી
૧૧. **છેડા હંસકુમાર લક્ષ્મીચંદ** – ભાંડુપ
૧૨. **ડાઘા કૈલાશ હીરાચંદ** – મુલુંડ
૧૩. **મહેશ્વરી અશ્વિન ધનજી** – ભાંડુપ

બેંકમાં નકારાત્મક વિઘાતક પ્રવૃત્તિઓનું પુનરાવર્તન ન થાય તે માટે પૂરેપૂરી સમર્પિતતા અને સંનિષ્ઠતાની ભાવના થી કાર્યવાહી કરવા અમારા ગ્રુપે નક્કી કર્યુ છે.

જનરલ કેટેગરીની ૧૦ સીટો હોવાથી ૧૩ ના સ્થાને ૧૦ ઉમેદવારો હોવા જરૂરી છે, એ કારણે, ગ્રુપના ૩ ઉમેદવારો, સર્વેશ્રી ૧. મણીકાંત વિસનજી નાગડા, ૨. કૈલાશ હીરાચંદ ડાઘા, ૩. અશ્વિન ધનજી મહેશ્વરી એ બેંકના હિતને અનુલક્ષી તેને પ્રાધાન્ય આપી, સ્વેચ્છાએ પોતાની ઉમેદવારી ખેચી લેવાની ભાવના વ્યક્ત કરી, જેથી, સામાન્ય કેટેગરી ની ૧૦ સીટ માટે ગ્રુપના ૧૦ સભ્યો રહેતા મતદારોને મતદાન કરવા સરળતા રહે. એમની ઉદાર ભાવના અને બેંક પ્રત્યેની નિષ્ઠા ને સલામ.

અમારા સ્ટાર ગ્રુપ વતી મહિલા રિઝર્વ ની ૨ સીટ માટે,

૧. **શ્રીમતી દંડ અલકા કિશોર** – મુલુંડ (ઈસ્ટ)
૨. **શ્રીમતી લોડાયા જલ્પા ઉત્તીન** – વાશી, નવી મુંબઈ.

ઉમેદવાર છે. અમારા ગ્રુપના ૧૦ + ૨ ઉમેદવારનું કોમન ચિન્હ સ્ટાર (★) રહેશે જેના પર મતદાતાએ મતનો સિક્કો મારવા વિનંતી.

બેંકની પ્રગતિ, વિકાસ અને તે દ્વારા સમાજની પ્રગતિ, વિકાસના બેંકની સ્થાપના ના મૂળભૂત ઉદ્દેશ ને હાંસલ કરવા અમારા સ્ટાર ગ્રુપ ને મતદાન દ્વારા વિજયી કરવા બેંક ના સભ્યોને અમારી હાર્દિક વિનંતી.

**ખાસ સૂચન :** અમારા ગ્રુપ દ્વારા પ્રચાર અને માહિતી ફક્ત ને ફક્ત ''પ્રકાશ સમીક્ષા'' મારફત કરવામાં આવશે. તે સિવાય SMS, WHATSAPP, FACEBOOK, TWITTER તેમજ નનામા પરિપત્રો દ્વારા અમારા વિશે અપાતી માહિતી ધ્યાનમાં ન લેવા વિનંતી.

આભાર સહ,

લી. **સ્ટાર ગ્રુપ વતી**

**મહેન્દ્ર દેવજી ખોના,** થાણા. મો.: 093239 17075

તા. : ૧૫/૦૪/૨૦૧૬

## પૂ. મુનિ શ્રી અજિતચંદ્રજીના માર્ગદર્શનમાં શ્રી સરસ્વતિ સાધના કરવાથી ૧૦૦ બાળકોની બુધ્ધિમત્તામાં થયેલા ફેરફારોના વૈજ્ઞાનિક સમિતિ દ્વારા થયેલ પરિક્ષણ પરિણામ ટૂંકમાં જાહેર થશે



એક સાથે સો કે તેથી વધુ વસ્તુઓ પર એક સરખું ધ્યાન આપવાની શતાવધાની તરીકે ઓળખાતી સિધ્ધી મેળવનાર તરીકે પ્રખ્યાત મુનિ શ્રી અજિતચંદ્રજીસાગરજી મ.સા. દ્વારા ચલાવાતી સરસ્વતિ સાધના ઝુંબેશમાં વૈજ્ઞાનિકોને પણ રસ પડ્યો છે. હાલમાં મહારાજ સાહેબ મલાડના ૧૧ થી ૧૪ વર્ષના ૧૦૦ જેટલા બાળકોને નવેમ્બર ૨૦૧૫થી શરૂ થયેલ ૩૬ દિવસની સઘન સરસ્વતિ સાધના કરાવી રહ્યા છે. આ સરસ્વતિ સાધના મંત્ર જાપ અને ઝાંખા અક્ષરે છપાયેલ સરસ્વતિ મંત્ર પર અક્ષર ઘુંટવાનો સમાવેશ થાયે છે.

મુનિ શ્રી અત્યારસુધી આમ તો ૨૫૦૦૦ બાળકોને સરસ્વતિ સાધના કરાવી ચૂક્યા છે અને ઘણા સારા પરિણામો મેળવી ચૂક્યા છે પણ આ વખતની વાત જુદી છે. ન્યુરોલોજી કેટલે કે જ્ઞાન તંત્રના નિષ્ણાતો ડૉ. પરેશ દોશી, ડૉ. સુધીર શાહ અને ડૉ. રમેશ પાટણકર તેમજ ન્યુરોસાયકોલૉજીસ્ટ જ્ઞાનતંત્ર સંબંધીત મનોવિજ્ઞાની ડૉ. ઉવર્શી શાહ તેમજ ઇંડીયન સ્પેસ રીસર્ચ (ઇસરો)ના ડૉ. નરેન્દ્ર ભંડારી અને ડૉ. સુરેન્દ્ર સિંગ ઓનખારનાની બનેલ વૈજ્ઞાનિક ટીમ વેચ્શલર ઇંટેલીજશન સ્કેલ પર આ બાળકોની ધ્યાન કેન્દ્રીત કરવાની શક્તિ તથા તેમની બુધ્ધિમત્તાના ૩૬ દિવસની સાધના દરમ્યાન આવેલા ફેરફારોની ચકાસણી કરી રહ્યા છે. તેમાં પરિણામો ૨૪ની એપ્રિલના દાદરમાં યોજનાર કાર્યક્રમમાં જાહેર થશે. અત્યાર સુધી વૈજ્ઞાનિકો દ્વારા મળેલા પ્રતિભાવો એવું જણાવે છે કે મહારાજ સાહેબનો દાવો સાચો પડશે.

હકિકતમાં મહારાજ સાહેબ પોતાની વ્યક્તિગત જીવનમાં આ વસ્તુનો અનુભવ કરી ચૂક્યા છે. તેમણે નવમા ધોરણ સુધીને ભણીને ૧૨ વર્ષની વય દિક્ષા લીધી તે પહેલાં તેઓ આળસુ, હઠીલા અને શારિરીક રીતે નબળા હતા. દીક્ષા પછી તેમના ગુરૂએ ૮ વર્ષ સુધી મૌન સાધના કરાવી જેના પરિણામે તેઓ શતાવધાની પદ પ્રાપ્ત કરી શક્યા છે.


## હાર્દિક અભિનંદન





**કુ. રવીકુમાર વિજયભાઈ લોડાયા** (પીર)
(સુથરી-મલકાપુર)

**COMPANY SECRETARY OF INDIA**માં પાસ થયા છે.

શુભેચ્છક

માતા : **પદમાબેન વિજયભાઈ લોડાયા**
પીતા : **વિજયભાઈ વાલજી લોડાયા**
દાદા-દાદી : **પ્રેમાબાઈ વાલજી પૂંજા પીર**
ભાભી : **અ.સૌ. પુરવી ધવલ વિજય લોડાયા**
નાના-નાની : **જેતબાઈ ગોવિંદજી ખેવરાજ મોમાયા**

સાંચરા - રાયપુર
ફોન : 092732 56321

## -: જોઈએ છે :-

૧૧૦ વર્ષ જુની સંસ્થાના વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાર સંભાળ અર્થે ગૃહપતિની જરૂરીયાત છે. શૈક્ષણિક ક્ષેત્રનો અનુભવ ધરાવતી વ્યક્તિઓ અરજી કરે.

**રહેવા-જમવાની સગવડ આપવામાં આવશે.**

તેમજ

ટ્રસ્ટના ઓફિસ રૂટીન વર્ક, બેંકના કામકાજ તેમજ અન્ય કામકાજ માટે વ્યક્તિની જરૂરીયાત છે.

**અરજી-બાયોડેટા મોકલાવશો :**

**શ્રી વીરજી લધાભાઈ**
**કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

લક્ષ્મી નિવાસ, કામાલેન, કિરોલ રોડ,
ઘાટકોપર (પ), મુંબઇ - ૪૦૦ ૦૮૬.
ફોન : 2510 0157 / 2513 3174

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર દ્વારા શ્રી આદિનાથ જીનાલયની ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સેવક ભરૂડિયા ના આંગણે આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક






























## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર દ્વારા શ્રી આદિનાથ જીનાલયની ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સેવક ભરૂડિયા ના આંગણે આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક



# કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર દ્વારા શ્રી આદિનાથ જીનાલયની ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સેવક ભરૂડિયા ના આંગણે આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક






























## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર દ્વારા શ્રી આદિનાથ જીનાલયની ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સેવક ભરૂડિયા ના આંગણે આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક









સેવક ભરૂડીયા ગામે આદિનાથ દાદાની ૧૧મી ધ્વજા મહોત્સવ તા. ૬ અને ૭ માર્ચ ૨૦૧૬ ના પ. પૂ. સાધ્વી શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ. સા. ના શિષ્યા પ. પૂ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા. તથા શ્રી વૃત્તરક્ષિતાશ્રીજી મ. સા. ની નિશ્રામાં ખૂબજ ભવ્યતા પૂર્વક પૂર્ણ થયો. આ બે દિવસીય મહોત્સવ પ્રસંગ અઢાર અભિષેક, ભક્તામર પૂજન વિધિ-વિધાનો તથા મંત્રોચ્ચાર સાથે ધ્વજા રોહણ સંપન્ન થયો તેમજ સચ્ચામાતાની પહેડી અને જાહેરપીર દાદાની જુવાર-ધ્વજા ધામધૂમ પૂર્વક કરવામાં આવી.

૧૧ મા ધ્વજા રોહણ પ્રસંગની ધ્વજાના કાયમી દાતાશ્રી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવારને એટલો બધો ઉમંગ અને હરખ હતો કે પરિવાર પોતાને સાથે ગામવાસીઓ, આમંત્રિત મહેમાનો તથા સગા સબંધીઓ મળીને લગભગ ૩૦૦ જણને મુંબઇ થી સેવક ભરૂડીયા મહોત્સવમા સહભાગી થવા માટે અવવા જવાની તથા રહેવાની સપૂર્ણ જવાબદારી સાથે લઇ આવેલ જેથી લઇને મહોત્સવમાં ઉમંગ ઉત્સાહ ખુબજ વધી ગયો હતો.

બે દિવસીય મહોત્સવનો તથા સાધર્મિક ભક્તિ લ્હાવો લેનાર માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ હસ્તે હેમલતાબેન-મહેન્દ્રભાઈ, ઉર્મિલાબેન-અશોકભાઈ તથા સંગિતાબેન - રાજુભાઈ સહ પરિવાર તરફથીરોજ સ્વાદિષ્ટ મન-ભાવન નવકારશી અને સ્વામી વાત્સલ્ય ભોજન, શેરડી રસ અને કલીંગરની સગવડ કરવામાં આવી હતી. તારીખ ૭-૩-૨૦૧૬ ના રોજ નાત જમણ તેમજ ધુવા બંધ ગામ જમણવાર કરવામાં આવેલ જેમાં સમગ્ર ગામવાસીઓએ ભાગ લઇ સેવક ભરૂડીયા ગામની કોમી એકતાનો સદભાવ પ્રગટ કર્યો હતો. મહોત્સવ નિમિત્તે સમગ્ર ગામ તથા દેરાસરજી - સંકુલ વિધિ-વિધાન મંડપ, ભોજન મંડપ, રહેઠાણ મંડપ વગેરે સુંદર સુશોભિત ધજા - પતાકાઓથી તથા વિજળીની રોશની થી શણગારવામાં આવ્યા હતા. બેનરો - સુવાક્ય બેનરો તથા ૧૦ વર્ષની ધજાની યાદગીરી રૂપે ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી તેમજ ૧૦ વર્ષની તસ્વીર રૂપે બેનર લગાવવામાં આવ્યા હતા.

ગામના પ્રવેશ દ્વાર ઉપર દાતાશ્રી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર તરફથી ગેટ બનાવી આપવામા આવેલ છે તેનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પ. પૂ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા. વૃત્તરક્ષિતાશ્રીજી મ. સા. આદિઠાણા નુ ધામધુમ થી ગામ પ્રવેશ કરાવવામાં આવ્યુ હતું. તેમજ પ. પૂ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા. ના સંયમ-રજત વર્ષ ઉજવવાનું સદ્ભાગ્ય દાતાશ્રી પરિવારને સાંપડયું હતુ.

તાજેતરમાં દેરાસરના ગભારામાં મુળનાયકની પાછળ તેમજ દેવ-દેવીના ગોખલામાં ચાંદીનો ભા-મંડળ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર તરફથી કરાવવામાં આવ્યું. દેરાસરજીની પ્રતિમાં ઓ એટલી અલૌકિક લાગે છે કે જાણે ૧૦ વર્ષની ધ્વજાની ઉજવણી માટે બધાએ નવા રૂપ ધારણ ન કર્યો હોય એમાં દરરોજ કરવામાં આવેલ વિવિધ આંગી - દર્શને દેરાસરજીની શોભામાં ઓર વધારો કર્યો હતો.

સંગીતકાર જીતેન્દ્રભાઇ પાટણવાળા તથા વિધિકાર કમલેશભાઇ અને સાથી કલાકારોએ મહોત્સવ દરમ્યાન પૂજન-ભાવના ભણાવી પોતાના જ્ઞાન તથા કળાની જે સુંદર રજુઆત કરેલ તેને કારણે મહોત્સવમાં ચાર ચાંદ લાગી ગયા હતા.

ગામવાસી તથા નિયાણી તથા આમંત્રિત મહેમાનો સહિત ૧૫૦૦ જણની હાજરી માં રાત્રે અશલમ બેન્જો પાર્ટીના સથવારે ગીતરાસની રમઝટ બોલાવામાં આવી હતી. દાતાશ્રી પરિવાર તરફથી ૫૦ લક્કી ડ્રો દ્વારા ઇનામની વિતરણ કરવામાં આવ્યા. ત્યારબાદ દાતા પરિવાર તરફથી જીવદયા તથા દેરાસરના સાધારણ ફંડની ટહેલ નાખતા દાનની ગંગા વહેવા માંડી હતીને જીવદયામાં રૂા. ૯,૦૦,૦૦૦ ની તથા સાધારણ ફંડમાં રૂા. ૫,૦૦,૦૦૦ જેવી માત્તબાર રક્કમ જમા થઇ ગઇ.

તા. ૮/૩/૨૦૧૬ ના રોજ સવારના ૬ વાગે ભરૂડીયા થી મોડપુર તીર્થ પગપાળા યાત્રાનું ભવ્ય આયોજન દાતાશ્રી પરિવાર મહેન્દ્રભાઇ - અશોકભાઇ તથા રાજેશભાઇ તરફથી કરવામાં આવેલ. જેમા ૪૦૦ થી વધારે

**કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર દ્વારા શ્રી આદિનાથ જીનાલયની ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સેવક ભરૂડિયા ના આંગણે આયોજીત બે દિવસીય મહોત્સવની ઝલક**

ભાગ્યશાળીઓએ પગપાળા જાત્રા કરી. સર્વે યાત્રીકો નું સંઘપૂજન કરવામાં આવેલ. આ પગપાળા યાત્રા સેવક ભરૂડીયા તથા મોડપુર તીર્થના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઇ ગયુ છે.

મહોત્સવ દરમ્યાન દાતાશ્રી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર તરફથી પક્ષીને ચણ, શ્વાનને રોટલા તથા ગાય-પશુને ઘાસ ચારો - તે ઉપરાંત હાલારના સાતે ગામ ની ગૌશાળામાં મહોત્સવના દિવસે ઘાસચારો નખાવી ને પુણ્યનુ ભાતુ બાંધ્યુ હતુ.

સંપૂર્ણ આયોજનને રૂડી રીતે પાર પાડવા શ્રી ક.દ.ઓ ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, યુવા કાર્યકર્તાએ તનતોડ મહેનત કરી હતી, મહોત્સવ દરમ્યાન પધારનાર સર્વેગામવાસી તથા મહેમાનોનું સંઘપુજન કરી સ્વાગત કરવામાં આવ્યું હતુ તથા દરેક ગામના ઘરદીઠ દાતાશ્રી તરફથી ટીફીન તથા બેગની પ્રભાવના કરવામાં આવી હતી તેમજ આ મહોત્સવ દરમ્યાન જે ભાગ્યશાળીએ તન-મન અને ધન થી મદદ રૂપ થયેલ તેનુ સન્માન કરવામાં આવ્યું.

દાતાશ્રી પરિવારની અનુમોદના, મહોત્સવના સ્વયંસેવકો, કમીટીના સ્ટાફના સભ્યો, તથા અન્ય કાર્યકરોની સેવા-નિષ્ઠા કાર્યને બીરદાવી સન્માન સમારોહ તથા આભાર વિધિ સમારંભ સાથે મહોત્સવની પૂર્ણાહુતી થઇ હતી.

## અમો આભારી છીએ.

૧. શ્રી સેવક ભરૂડીયા સંઘના ટ્રસ્ટીગણ તથા સ્થાનિક મહાજનના પધારેલ સર્વે ગામવાસીઓ વડીલો, નિયાણી - બહેનો તેમજ પ્રસંગે પધારેલ સર્વે આમંત્રીત મહેમાનોના...
૨. ગાયના ઘાસચારા તેમજ દેરાસરના સાધારણ ખાતામાં અમુલ્ય દાનની ગંગા વહેડાવનાર સર્વે દિલેર દાતા પરિવારના...
૩. નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર સર્વે વોલીન્ટર ભાઇ-બહેનો ના...
૪. બહારગામ થી પધારેલ સર્વે ભાઇ-બહેનોને રહેવાની સગવડ આપવા બદલ સર્વે રંગપુર - દલતુંગી - ભરૂડીયા ગામના ભાઇઓના...
૫. રંગપુર દેરાસરના ટ્રસ્ટી ગણનો જે દેરાસરના અતિથિગૃહમાં ઉતારાની સગવડ કરી આપવા માટે...
૬. જામનગરમાં બસ, જમણવારની તેમજ બીજી વ્યવસ્થા કરવા માટે હીરેન શિયાળ - સુનીલ લોડાયા - મનોજ ખોના - વિમલ દંડના...
૭. જામનગર થી મહોત્સવની દરેક ચીજ-વસ્તુ ની વ્યવસ્થા કરી આપનાર હરીશભાઇ શાહ - જીગ્નેશ શાહ તથા સંજયભાઇના...
૮. પૂજનનો રૂડી રીતે કરાવનાર વિધિકાર શ્રી કલ્પેશ શાહ - શિહોર વાળાના, સંગીત પીરસનાર શ્રી જીતુભાઇ પાટણવાળાના તેમજ દેરાસરનો શણગાર કરનાર કલ્યાણ મિત્ર પરિવાર - જામનગર વાળાના...
૧૦. ભરૂડીયા તથા રંગપુર ગામે પાણી પુરુ પાડનાર કલ્પેશભાઇ દંડ તથા લહેરચંદ ધરમશીના...
૧૧. ભરૂડીયા ગામના પાદરમાં બન્ને ગેટ બનાવવા પોતાનો કિંમતી સમય આપી ઉભા રહીને તૈયાર કરાવનાર શ્રી વનરાજ દામજી ધુલ્લાના...
૧૨. મહોત્સવમાં પ્રભુજીની નયન રમ્ય આંગી રચનાર શ્રીમતી ભાવનાબેન વનરાજ ધુલ્લાના...
૧૩. બત્રીસ ભોજન જમણનાર કૅટરર્સ પુરોહીત ઝાલાભાઇ સુરતવાળાના...
૧૪. બેનર તથા કંકોત્રી - બીલ્લા પ્રિંટીંગ કરી આપનાર કિશોરભાઇ ગોવિંદજી લાપસીયાના...
૧૫. ધ્વજા ઉત્સવની પૂર્વ તૈયારી માટે ૧૦ દિવસ પહેલા જઇને તથા મહોત્સવ દરમ્યાન સર્વે કામકાજની જબાબદારી સંભાળનાર શ્રી રજનીકાંત ઉમરશી ધરમશીના...
૧૬. પગપાળા યાત્રા સંઘની તથા સવારની નવકારશીની વ્યવસ્થા કરનાર શ્રી મોડપુર તીર્થના ટ્રસ્ટીગણના...
૧૭. મહોત્સવ પૂર્ણા થયા બાદ ફોન - ઇમેલ તથા મેસેજ તથા પત્ર દ્વારા ધન્યવાદ વ્યક્ત કરનાર દરેકના...

ઉપરોક્ત દરેક વ્યક્તિ વિશેષની સાથે જે કોઇ નામી - અનામી લોકો જેમણે અમને સાથ - સહયોગ અને પીઠબળ પુરૂ પાડયું તેમનો પણ સહૃદય આભાર.

મહોત્સવ પ્રસંગે પધારેલ સર્વે અતિથિઓ, સંકળ સંઘના પદાધિકારી દરેક ગામના સંઘપતિઓ તેમજ આમંત્રિત મહેમાનો આપસૌ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ધાર્મિક પ્રસંગની અનુમોદના કરવા માટે અમો આપ સર્વેનો ખરા હૃદયથી આભાર માનીએ છીએ. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અમારાથી કોઇનો પણ મન દુભાયુ હોય અથવા સગવડ સાચવવામાં કોઇપણ જાતની કચાશ રહી ગઇ હોય તો આપ સર્વેની ક્ષમા માંગીએ છીએ...

**રીત થી વધુ અમારી પ્રિતને આવકારજો, સગવડમાં કોઇ અગવડ થઇ હોય તો મિચ્છામિ દુક્કડમ સ્વીકારજો...**

## ...આમ થયેલી મૂળ ''ઝુકી જ જવાયને !'' હાલની ''ઝુકી તો જવાય'' કોલમની શરૂઆત...



### 'પ્રકાશ-સમીક્ષા''ના જુલાઈ ૧૯૮૯ના અંકમાથી

આજના સ્વાર્થી યુગમાં કડવા અનુભવ તો સૌને થતાં જ રહે છે, પરંતુ અવારનવાર સારા અનુભવો પણ થાય જ છે. ગાંધીજીએ કહ્યું છે કે જે કાર્ય કરવાનું આપણા હિસ્સે આવ્યું છે તે કાર્ય પણ જો આપણે સારી રીતે કરીએ તો તે દેશ-સેવા ગણાશે. કારણ કે કોઈપણ કામ નાનું-મોટું નથી. આ વિચારને કેન્દ્રમાં રાખીને લેખિકાબેનને થયેલા અનુભવો નીચે છાપ્યા છે. જે કર્તાને તો સારા કામના અનુમોદનથી ઉત્સાહપ્રેરક થશે પણ અન્ય લોકોને પણ પોતાનું કાર્ય સુંદર રીતે પાર પાડવા પ્રેરણા આપશે. આપને પણ આવા અનુભવ થતા જ હશે. જરૂર લખી મોકળશો. યોગ્ય લખાણ અવશ્ય છપાશે, - તંત્રી (સનત્ શાહ)

**(૧)** થોડા સમય પહેલાં ભાવનગરની ફ્લાઈટ પકડવાને માટે સવારે નીકળી. સામેથી એક સોહામણા બહેન આંગળીએ યુનીફોર્મ પહેરેલ નાના બાળકને વળગાડીને આવતા હતા. બેનને મરક મરક થતાં જોઈને આશ્ચર્ય થતું હતું - સરસ હુંફાળા હાસ્યથી મને આવકારી સવાલ પૂછાયો ''તમે જ ગીતા જૈન ને! તમને ટી.વી. પર જોયા હતા ને એટલે ઓળખી ગઈ-ઘણા વખતે, તમને મળવાની ઈચ્છા આમ અચાનક પૂરી થઈ છે.'' પરસ્પરની થોડીક વાતો પછી તો અવારનવાર એ જ રસ્તા પર આગળ વધતી રહી. આ પરિચયનો વાતોનો દોર મિત્રતામાં ફેરવાઈ ગયો.




થોડા સમય બાદ એમણે માહિતી આપી ''મેં નવું સાહસ કર્યું છે, સાડીની વેચાણ કાર્યવાહી- આપ સાડીઓ જોવા આવશો તો મને આનંદ થશે.''

''ક્યાંથી લાવો છો?''

''મુંબઈથી ફરી ફરીને પસંદગી કરીને લાવું છું''

''ચાલો ત્યારે, આ તો તમે અમારી સેવા કરો છો. શોપીંગની કંટાળાજનક રખડપટ્ટીથી ઉગારો છે!''

''બધા જ આ રીતે નથી જોતા... વાતો પણ કરે છે.''

''હશે! જેને કશું નથી કરવું હોતું, કે નથી સુઝતું, એવા લોકો બીજાની ટીકા જ કરે. ટીકાઓથી આપણામાં દોષ ન પ્રવેશે, દોષ હોય તો દૂર કરવાની સુઝ પણ મળે.''

એમને ત્યાં ગઈ, સાડીઓ જોઈ, અચાનક બોલી જવાયું હવે ''બ્લાઉઝ પીસ માટે રખડવાનું અને દરજી પાસે આંટા ખાવાના.''

ઉત્તરોત્તર જેમની વધુને વધુ સાલસતા છતી થતી હતી તે બેન આજે વધુ એક કદમ આગે ગયા. કહે ''હું જાણું છું તમને સમયની ખેંચ રહે છે. (આજે આવું તો નજીકના/પોતાના ય નથી સમજી શકતા), હું બ્લાઉઝ પીસ પણ લઈ આવીશ અને સાડી ફોલ સહિત તમને પહોંચાડીશ.'' આવી ઉમદા સેવા ભાવના ! ઝુકી જ જવાય ને !

**(૨)** એક નાનકડું ટેબલ કરાવવું એવો વિચાર બે વર્ષથી ઉદ્દભવ્યો, અનેકને કહ્યું... જોઈ જાય પણ કામ આરંભ ન કરે, અમૂક જણા ગલ્લાંતલ્લાં કરીને સમય બગાડે, અચાનક આ વાત મારા પિતાશ્રી શ્રી મેઘજી કાનજી ભેદા સાથે થતાં જ એમણે એક અગ્રગણ્ય ઈન્ટીરીયર ડેકોરેટરને ફોન કરી મારો સંપર્ક કરવાનું જણાવ્યું.

આ ભાઈની શાલિતનતા તો જુઓ ! એક મોટી બેંકના બહુ મોટા કોન્ટ્રાક્ટનાં કામમાં વ્યસ્ત હતા. બે દિવસ બાદ બેંકની ઉદ્દઘાટન વિધિ હોઈ સ્વાભાવિક રીતે અંતિમ રૂપ આપવાની ધમાચકડીમાં હોય છતાંય ફોન આવ્યો. વાત કરી, બેંકનું પતી જાય પછી મળવાનું વચન આપ્યું. સમયસર મળવા આવ્યા ! બેંકના આટલા મોટા કાર્યનો એમના મન પર કોઈ ભાર નહીં - ન એની ચિંતા કે ન પોતાની મોટાઈ ! તદ્દન સ્વસ્થ ચિત્તે મને મારા ર-૪ હજાર રૂપરડીના કામ માટે પણ પોતાનાં પાંચેક કલાક આપ્યા. અનેક જગ્યાઓ બતાવી ફોટા બતાવ્યા અને પછી બે દિવસ બાદ એમના આર્ટીસ્ટ/આર્કીટેક્ટ આવ્યા અને માપ વગેરે લઈ ગયા. આ દરમ્યાન મારી સીંકમાં તડ પડી મેં એમને ફોન કર્યો


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.



શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

MOTA SHIPPING AGENCY

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

એમણે એમની જ બીજી ઓફિસે એમના ભાઈનો સંપર્ક કરવા સૂચવ્યું. ખબર નહીં હું ન કરી શકી. એમણે આટલા નાના માટે પણ પોતાના ભાઈને સૂચિત કર્યા. આજે સામાન્ય પણે મોટા કોન્ટ્રાક્ટરો નાના કામ પ્રત્યે ઠેવી સુગ ધરાવતા હોય છે અને કેવું તોછડાઈભર્યું વર્તન કરતાં હોય છે. એથી સહુ પરિચીત છો. એવા સમયે આ ભાઈએ સહજ રીતે, નાના કાર્યને ભેદભાવ વગર સહર્ષ મુલવતા/વધાવતાં હોય ત્યારે ઝુકી જ જવાય ને !

ઘણાને આમાં કશી નવીનતા ન પણ લાગે. મારા મનમાં આ વ્યક્તિઓની સુવાસ મઘમઘી રહી છે, કારણ કે આ ત્રણે, ન તો મારા સગાસંબંધી છે, કે ન તો મારા કામમાથી અઢળક દોકડા કમાવવાના છે પણ ફક્ત એમની પોતાની અંર્તઃમુખ પ્રતિભા અને કર્તવ્યનિષ્ઠાના દર્શન કરાવ્યા છે. ઉપરાંત એ એમ વિચારે છે કે આ અમારૂં ક્ષેત્ર છે આથી અમારી ફરજ છે. આજે સૌ પોતપોતાના ક્ષેત્રમાં અતિ વ્યસ્ત હોય છે એથી અનેક કાર્યો ખોરંભે ચડતા હોય છે. આમ સૌ પોતપોતાના ક્ષેત્રને સહર્ષ સ્વીકારી, જવાબદારીપૂર્વક પૂર્ણ વ્યવહારિક કળાનો ઉપયોગ કરે તો સર્વેને/સમાજને કેટલા ઉપયોગી થઈ પડે !

તમને પણ અવશ્ય આ બેન-ભાઈઓનો પરિચય કરવાનું મન થયું હશે નહીં ? મારા મસ્તકને આનંદથી જ્યાં ઝુકી જવાયું તે બહેન છે કુસુમબહેન વિરેન્દ્રકુમાર. તે પરજાઉના શ્રી ઉત્તમચંદ કુંવરજી મેપાણીના પુત્રવધૂ અને ભાઈઓ છે સુથરીના શ્રી શામજી ખીંયશી દંડના પુત્રો હીરાચંદભાઈ અને પ્રતાપભાઈ.

આ વાંચીને ઘણાને થયું હશે આમને તો અમે ઓળખીયે છીએ ! હા ! પણ ઘણીવાર નાની નાની વાતો કે વર્તનમાંથી અતિરિક છાપ-ગુણો પ્રગટ થતાં હોય છે. તમે પણ ઘણીવાર 'ઝુકી જ જવાય ને !' એવી અનૂભૂતિમાંથી પસાર થતાં હશો. જ્યારે જ્યારે આપણી જ્ઞાતિના કોઈ બેન-ભાઈ સમક્ષ તમે આ રીતે ઝુકી ગયાં હો તો એને 'પ્રકાશ-સમીક્ષા' ના પાને અવશ્ય પ્રગટ કરાવશો જેથી એમની સુવાસ કાર્યવાહી જ્ઞાતિમાં ફેલાય, એઓ અનેકને લાભપ્રદ ઉપયોગી નીવડે, અનેકને માટે માર્ગદર્શક/પ્રેરક બને.

આ 'ઝુકી જ જવાય ને !' ની લેખમાળા જ્ઞાતિજનો અવશ્ય ક્રમશઃ વધારતા જઈ ગતિમાં રાખશે જ.

**- શ્રી ગીતા જૈન,**

(પ્રકાશ સમીક્ષાના જુલાઈ ૧૯૮૯ના અંકમાંથી)


**કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ**
**Originally at Zaveri Bazar since 1976**


## જૈનો જો મંદિરો બાંધવામાંથી મનવાળી શિક્ષણ પર આણે તો દર વર્ષે સો કોલેજો સ્થાપી શકે

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઑરગેનાઈજેશન (જીતો) દ્વારા પુણેમાં આયોજિત 'જીતો કનેક્ટ ૨૦૧૬' કાર્યક્રમમાં મેક ઈન ઈંડીયા વિશે માર્ગદર્શન આપતા યોગ ગુરુ બાબા રામદેવે જણાવ્યું હતું કે જૈનોજો મંદિરો બાંધવામાંથી મનવાળી શિક્ષણ પર આણે તો દર વર્ષે સો કોલેજો સ્થાપી શકે.

તેમણે દેશના માત્ર અર્ધા ટકા જેટલી જનસંખ્યા ધરાવતો જૈન સમાજ દેશના અગ્રણી સમુદાય તરીકે ઓળખાય છે એ બદલ જૈન સમાજની પ્રશંસા કરી હતી તેમણે જણાવ્યું હતું કે ધંધા, વ્યવસાયમાં સારી સફળતા મેળવી જૈનોએ આર્થિક ક્ષેત્રે સારી સફળતા મેળવી છે તેની સાથે દાનશુરતા પણ બતાવી છે. તેમણે બાંધેલા મંદિરોની સંખ્યા ઘણી મોટી છે, તેની દેખભાળ સારી રીતે થવી જોઈએ. જૈનોની સંખ્યા અને તેમના આરાધના સ્થળોની સંખ્યા ધ્યાનમાં લેતા જૈનોએ હવે શાળા, કૉલેજ અને યુનિવરસિટી સ્થાપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

યોગ ગુરૂએ ઓછી જનસંખ્યા ધરાવતા જૈન સમાજમાં ૧૭ હજાર થી વધુ સાધુ-સાધ્વીએ છે તે માત્ર જૈન સમાજની જ નહીં રાષ્ટ્રની સૌથી મોટી સંપત્તિ મુલ્યવાન સંપત્તિઓમાંથી એક છે એમ જણાવ્યું હતું.

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

|| સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી સખત માતાય નમો નમઃ ||

**લોડાયા ભાવિકોના કુળદેવી**
**શ્રી સચ્ચાઈ માતાજીની તૃતીય સમૂહ પહેડી**

**શ્રી સચ્ચાઈ માં નો પ્રસાદ લેવા ભક્તિ કરવા મુંબઈ તેમજ બહારગામ દેશ દેશાવર વસતા લોડાયા ભાવિકોને પધારવા ભાવભીનું આમંત્રણ.**

**સચ્ચાઈ માતાજી સમૂહ પહેડી**

**તા. ૨૩-૦૪-૧૬ શનિવાર ચૈત્રવદ ૧ના**
**સાંજ ના ૪.૦૦ કલાકેથી**
**કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ)**

**શ્રી સચ્ચાઈ માતાજીની તૃતીય પહેડીના**
**સહયોગી દાતાઓ** ગયા અંકથી ચાલુ

**શ્રી મધુકર જવેરચંદ લોડાયા,** સાંયરા-માટુંગા
**માતુશ્રી નવલબાઈ મુલજી લોડાયા,** આરીખાણા-મુલુંડ
**માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા,** મો.ખાવડી-ઘાટકોપર
**શ્રી પદમશી કુંવરજી પટેલ,** સાંધવ-કલકત્તા

લી. **સમસ્ત લોડાયા પરિવાર સમિતિ**

# બૃહદ ક્ષેત્રે જ્ઞાતિનું નામ રોશન કરનાર મહિલા પ્રતિભાઓ

(નારી તું નારાયણી કાર્યક્રમમાં સન્માનિત)



### ACP. પન્ના નિતીન મોમાયા

(તેરા-અમદાબાદ)

અન્ય રાષ્ટ્રના વડાને ગાર્ડ ઓફ ઑનર આપનાર ટુકડીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા થવાનું રાષ્ટ્રીય માન મેળવનારા એસીપી પન્નાબેન શાળા, કૉલેજના દિવસોથી સ્કાઉટ અને ગાઈડ તેમજ ખેલકૂદ માટે ઈનામ મેળવતા રહ્યા. હાલમાં ડેપ્યુટી સુપ્રિટેન્ડટ ઑફ પોલીસ છે.



### પરીતા મનીષ છેડા

(નલિયા-થાણે)

બોર્ડર સિક્યુરીટી ફોર્સ જેવા પુરૂષપ્રધાન ક્ષેત્રથી કારકીર્દીની શરૂઆત કરનારા પરીતાબેને સેન્ટ્રલ એક્સરસાઈજ અને સર્વિસ ટેક્સ વિભાગમાં ઉજ્વલ કારકીર્દી બનાવી છે. તેમણે બે કરોડની કર ચોરી રોકી છે.



### અલ્પા ગૌતમ ધરમશી

(કોઠારા-બેંગલોર)

'પહેચાન' નામે અભિયાન શરૂ કરી તે હેઠળ આત્મસાક્ષાત્કાર કરાવનાર અલ્પાબેને કેન્સરના તેમજ અન્ય દર્દીઓ, ઘાયલ સૈનિકો અને કેદીઓને સાંત્વના આપવાનું જરા હટકે માનવતાવાદી કામ સ્વીકાર્યું છે.



### ડૉ. ઈલા વેરશી મૈશેરી

(નાની સિંધોડી-ચુન્નાભટ્ટી)

ગર્ભસ્થ શિશુથી બાળપણ સુધીમાં થતી તકલીફો નિવારી તંદુરસ્તી બક્ષવાના ક્ષેત્રે ઉજ્વલ કારકીર્દી બનાવનારા ડૉ. ઈલા ભારતની પ્રથમ ટેસ્ટટ્યુબ બેબીના પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હતા. તેમણે પોતાના પિતાને આદર્શ માની જ્ઞાતિ સંસ્થાનો વહીવટને સુધારવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.



### ડૉ. યોગિની વેરશી મૈશરી

(નાની સિંધોડી-ચુન્નાભટ્ટી)

છાતીની તકલીફોના સ્પેશ્યાલીસ્ટ ડૉ. યોગિનીએ અન્ય તબીબી શાખાઓ સાથે યોગ અને જૈન ધર્મમાં પણ નિપુણતા મેળવી છે. અમેરિકાના એક નામી રિસર્ચ ફાઉડેશન પાસેથી પાયાના સંશોધન માટે પ્રતિષ્ઠિત એવૉર્ડ મેળવ્યો છે.



### ડૉ. મહિમા દંડ

(તેરા-હુબલી)

ધારવાડ ખાતે આવેલી આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત ડેન્ટલ કૉલેજ સાથે પ્રોફેસર તરીકે જોડાયેલા ડૉ. મહિમા દંડ દાંતની સારવારનું અદ્યતન દવાખાનું ધરાવે છે અને દાંતની તકલીફો સારવાર બાબત તેમના અભ્યાસલેખો આંતર રાષ્ટ્રીય નામના પામ્યા છે.



### ખ્યાતી પુનીત ધરમશી

(જખૌ-નવી મુંબઈ)

આર્થિક પત્રકારત્વ ક્ષેત્રે નામ કાઢનારા ખ્યાતી ધરમશીએ અનેક અહેવાલો માટે નામના સાથે પ્રતિષ્ઠિત રેડ ઈંક નેશનલ એવૉર્ડ મેળવ્યો છે.



### હેતલ લહેરચંદ મૈશેરી

(લાલા-ભાંડુપ)

ભારતીય સંસદમાં ભાષણ કરનાર પ્રથમ જ્ઞાતિ મહિલા થવાનું માન મેળવનાર હેતલ મૈશેરીએ કાયદા ક્ષેત્રે વિશેષ કારકીર્દી બનાવી છે.



### ચેતના હિતેશ મોમાયા

(જખૌ-જલગાવ)

બેડમિન્ટન અને લૉંગ ટેનિસ ક્ષેત્રે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ખેલાડી ચેતના મોમાયા સમાજ સેવિકા પણ છે અને તેમણે નિસ્વાર્થ સેવા માટે પણ એવૉર્ડ મેળવ્યો છે.



### જસ્મીન ચેતનકુમાર મોમાયા

(જખૌ-ઘાટકોપર)

વૉલીબૉલ અને થ્રોબૉલ ક્ષેત્રે રાજ્ય કક્ષાએ નામ કાઢનારા જસ્મીન મોમાયા સેવા, આર્થિક સાહસ અને રસોઈ તથા પર્યટન ક્ષેત્રે પણ પોતાની છાપ જમાવી છે. સમાજસેવિકા તરીકે તેમણે મદાક પદાર્થો વિરૂધ્ધ અસરકારક ઝુંબેશ ચલાવી છે.

# બૃહદ ક્ષેત્રે જ્ઞાતિનું નામ રોશન કરનાર મહિલા પ્રતિભાઓ

(નારી તું નારાયણી કાર્યક્રમમાં સન્માનિત)



### વિણા નાગડા

(પરજાઉ-મસ્જિદ બંદર)

વીણાબેન બોલીવુડ મહેંદી ક્વીન તરીકે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે.



### રૂપલ યશોધન નાગડા

(નલિયા-કાંજુરમાર્ગ)

કહાં ગયે વોહ લોગ થી બાળ કલાકાર તરીકે ફિલ્મ ટીવીનું દુનિયામાં પ્રવેશલા રૂપલબેને જોડે રહેજો રાજ ગુજરાતી નાટક સહિત ૧૫ ફિલ્મો અને ૨૫ ટીવી સીરીયલમાં પોતાની અભિનય કલાનો પ્રભાવ પાથર્યો છે.



### સંગીતા પંકજ સોની

(સુથરી-મુલુંડ)

બોલીવુડના ટોચના ૧૦ હેર ડ્રેસરમાંથી એક સંગીતાબેને ત્યાં મેકઅપના નિષ્ણાત તરીકે પણ સારી નામના મેળવી છે.



### રાજુલ લક્ષ્મીપતી લોડાયા

(નલિયા-ઘાટકોપર)

ઈન્ટરનેશનલ બ્રાન્ડો સાથે સંકળાયેલા ફેશન ઇલસ્ટ્રેટર રાજુલબેન બેસ્ટ એન્ટર પ્રેન્યુઅર તરીકે પણ નોમીનેટ થયેલા.



### ધારીણી પ્રતાપ મોતા

(રાયધણજર-ભાંડુપ)

ભાંડુપમાં 'ધારીણી ડાન્સ અકાદમી' ચલાવતા ધારીણીબેન વિવિધ કાર્યક્રમનું સંચાલન કરે છે તથા તેમાં ગાય છે.



### એકતા હિરાચંદ દંડ (જૈન)

(મંજલ-મલાડ)

ફિલ્મી કલાકાર-ફિલ્મ ટીવી સીરીયલના પ્રમોશન ક્ષેત્રે સિક્કો જમાવનારા એકતાબેન અનેક સેવા સંસ્થા સાથે જોડાઈ સેવા કાર્ય પણ કરે છે.



### ટવીંકલ હેમેન્દ્ર નાગડા

(નલિયા-ડોંબીવલી)

ટવીંકલ ઇંગ્લીશ મેરેથોનમાં રેંક મેળવી આગવી પ્રતિભાના દર્શન કરાવ્યા છે.



### ક્રિશા સુમીત ખોના

(જખૌ-વડોદરા)

ક્રિશાએ નાની વયમાં માર્શલ આર્ટમાં આગળના ક્રમ તથા એવોર્ડ મેળવી એ ક્ષેત્રે ઉજ્જ્વળ કારકીર્દીની શરૂઆત કરી લીધી છે.



### સાચી સમીર ધરમશી

(સુથરી-સિલ્વાસા)

આર્ટસ પ્રવાહમાં વિશેષ ક્રમ મેળવી દમણ-દીવ-દાદરા ને નગર હવેલીના વહીવટકારના હસ્તે એવોર્ડ મેળવ્યો છે.



### હીના ભરત મોમાયા

(નલિયા-થાણે)

ચેસ ચેમ્પીયન હીનાબેને દર વર્ષે ખાસ સ્થાન મેળવી વિશેષ કારકીર્દીનો પાયો નાખ્યો છે.


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુળજી રાઘવજી લોડાયા

MRL Group of Companies

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નારી તું નારાયણી કાર્યક્રમમાં સન્માનિત વિવિધ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ રોશન કરનાર પ્રતિભાઓ



### વાસંતી કિરીટ લોડાયા
(બાંઢીયા-ભાંડુપ)

શાલેય અભ્યાસક્રમ ઉપરાંત જૈન પાઠશાળાના શ્રેષ્ઠ શિક્ષિકા વાસંતીબેને જૈન ધર્મ પરીક્ષાઓમાં આગલા ક્રમો મેળવ્યા છે.



### દીપાબેન નુરેશ મોમાયા
(વરાડીયા-કાંજુરમાર્ગ)

સમાજસેવિકા દીપાબેને જૈન ધર્મની પરીક્ષાઓમાં પણ સારા પરીણામ મેળવ્યા છે.



### સુજાતા ઉત્તમચંદ મૈશેરી
(જખૌ-કોચીન)

સાયંસના ડબલ ગ્રેજ્યુએટ સુજાતાબેને ધાર્મિક પરીક્ષામાં પણ પ્રથમ ક્રમ મેળવ્યા છે.



### પદમિની વિસનજી મોમાયા
(સાંયરા-કોચીન)

શિક્ષિકા ઉપરાંત સ્કાઉટ ગાઈડ લીડર પદમિનીબેને રેકી તથા જૈન ધર્મની પરીક્ષામાં સારા પરિણામ મેળવ્યા છે.



### નિલીમા દીપક લોડાયા
(ધાફા-કાંજુરમાર્ગ)

બિજનેશ મેનેજમેન્ટનો ડિપ્લોમા મેળવનારા નિલીમાબેન સેલ્સ ટેકસના કરના પણ નિષ્ણાત છે.



### જયશ્રી જીતેન્દ્ર કુરૂઆ
(ગોધરા-અમદાબાદ)

જયશ્રીબેને ટપરવેરના વેચાણમાં નિપૂણતા મેળવી ટપર રત્ન એવોર્ડ મેળવ્યો છે.



### રક્ષા રિધ્ધિશ મોમાયા
(વરાડીયા-નવી મુંબઈ)

નાના બાળકોને ઉચ્ચાર-ભાષા શીખવાડવાના નિષ્ણાત રક્ષાબેન અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાઈ પોષક ખોરાક વિતરણ, રક્તદાન, જીવદયા, સત્સંગ રૂપે સેવા કરી રહ્યા છે.



### શૈલા નરેન્દ્ર લોડાયા
(બારાઈ-જલગાવ)

શૈલાબેન લેખન, રંગોલી, ગાયન, ધર્મજ્ઞાન આદિથી નારી રત્ન એવોર્ડ પામ્યા છે.



### પુષ્પા વિજય વોરા
(રાનપુર-જામનગર)

જામનગરની રોટરી સાથે સંકળાયેલા પુષ્પાબેને તે આંતર રાષ્ટ્રીય સંગઠન પાસેથી પર્સન ઓફ યર એવોર્ડ મેળવ્યો છે.



### રમિલા હિમતલાલ લોડાયા
(મોટી ખાવડી-કલવા)

રમિલાબેન અનેક આશ્રમોમાં સેવા આપી વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનિત થયા છે.



### એડ. જયશ્રી જીગ્નેશ મોતા
(લાખણીયા-હૈદરાબાદ)

એડવોકેટ-સોલીસીટર તરીકે ઉજ્જવળ કારકીર્દી બનાવનારા જયશ્રીબેન ઘણી બેંકો સાથે સલાહકાર તરીકે સંકાળાયેલ છે તેમજ ૨૭ સેવા સંસ્થાઓને સહયોગ આપે છે.



### એડ. મીનલ ભરત ખોના
(સુથરી-નવી મુંબઈ)

સરકારી નોટરી એવા એડ. મિનલબેન નામી બેંકોની વકીલ પેનલમાં છે તથા ઘણી સેવા સંસ્થા સાથે સંકળાયેલા છે.




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## નારી તું નારાયણી કાર્યક્રમમાં સન્માનિત વિવિધ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ રોશન કરનાર પ્રતિભાઓ



### નિયતી નીતીન નાગડા
(તેરા-મુલુંડ)

માનવ વ્યક્તિત્વના વિકાસના નિષ્ણાત નિયતીબેને અનેક દેશોમાં માન્ય શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવ્યા છે અને આંતર રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યા છે.



### પ્રીતિ મિતેશ લોડાયા
(નલીયા-બેંગલોર)

રેડવુડ ફાઈનાન્સીયલ સ્ટ્રેટેજીઝના સ્થાપક પ્રીતીબેન રોકણ સલાહ આપવાના નિષ્ણાત છે.



### ડૉ. રાહી ઝવેરચંદ નાગડા
(જખૌ-ઘાટકોપર)

યુવા સેવાભાવી હોમીયો પેથિક ડૉક્ટર



### ઉર્મિલા પાસુભાઈ લાલકા
(મોટી ખાવડી-ડોંબીવલી)

શ્રેષ્ઠ શિક્ષિકા તરીકે અનેક એવોર્ડ મેળવનારા ઉર્મિલાબેન સમાજસેવિકા તરીકે પણ આદર પ્રાપ્ત કર્યો છે.



### લતા જયંત દંડ
(છાદુરા-ધુલે)

બેચલર ઓફ એજ્યુકેશનમાં મહારાષ્ટ્ર સ્તરે પ્રથમ ક્રમ મેળવનારા લતાબેને સેવાકાર્ય, પર્યાવરણ જાળવણી, યોગ વગેરે માટેય એવોર્ડ મેળવ્યા છે.



### પ્રીતિ પ્રકાશ લોડાયા
(સાંધવ - થાણે)

ક્રોચેટ કાર્યમાં ૩૫ વર્ષનો અનુભવ ધરાવનારા પ્રીતિબેન તે માટે લીમકા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામ્યા છે.



### હિરલ મિથુન જીવાણી
(જખૌ - ડોંબીવલી)

હોમ સાયંસમાં બીએસ.સી થયા બાદ સમાજકાર્યનું વ્યવસ્થિત શિક્ષણ લેનારા હિરલબેન વિશેષ પ્રકારની સેવા માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકાર્ડમાં સ્થાન પામ્યા છે.



### કાશ્મીરા વિજય ધુલ્લા
(તેરા - કાંજુરમાર્ગ)

કેનવાસ સીરીમિક અને એક્રેલિક પર અનોખી સજાવટ કરવાના નિષ્ણાત કાશ્મીરાબેને ઘણા દેરાસર સજાવ્યા છે.



### પુનમ નિલંજ ધરમશી
(સુથરી - નવી મુંબઈ)

કોસ્ટ એકાઉનન્ટસી, કસ્ટમ સંબંધી પરીક્ષા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની પરીક્ષામાં ઉર્તીર્ણ પુનમબેન બહુમુખી પ્રતિભા છે.



### પ્રિયંકા જય પટેલ (નાગડા)
(સાંધાણ - થાણે)

સાઉંડ હીંલીગ થેરાપીસ્ટ એટલે કે અવાજ સંબંધી તકલીફો દૂર કરવાના નિષ્ણાત પ્રિયંકાબેન ધ્યાનના વર્ગોપણ લે છે.

**પ્રકાશ સમીક્ષાના કાયમી જાહેરાતકારોને વિનંતિ :**

**પ્રકાશ સમીક્ષાના કાયમી હિતેચ્છુક તરીકે સુદીર્ઘ નાતો નીભાવવા માટે અનુમોદના. તા. ૩૧ માર્ચ ૨૦૧૬ના નાણાકીય વર્ષ પૂર્ણ થયા સાથે અગાઉ આપેલ આર્થિક યોગદાનથી મુદત પૂરી થઈ છે. અલબત્ત આ એપ્રિલ દરમ્યાન આપની જાહેરાત યથાવત છપાતી રહેશે ત્યાં સુધીમાં સહયોગ રાશિ મોકલી દેવા વિનંતિ.**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## અનંતછાયા બાબતની જોઈન્ટ ચેરીટી કમીશ્નર સમક્ષની
## મીસેલેનિયસ અરજી નં. ૨૦૧૫ ની ૧૮૧ વચગાળાની રાહત મેળવવાના સ્ટેજથી આગળ વધે
## તે વખતે જ્ઞાતિહિતમાં ટ્રસ્ટબોર્ડની રણનીતિ કેવી હોવી જોઈએ એ બાબત ચંદ્રસેન મોમાયાનું સૂચન.

ટ્રસ્ટીશ્રીઓ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે અનંતનાથજી ટ્રસ્ટની અગાઉના ટ્રસ્ટ બોર્ડ દ્વારા વેચાયેલી પણ જેનું કન્વેયન્સ અપાયું ન હોય તેવી ટ્રસ્ટના નામે જ ઊભેલી મિલકત અનંતછાયા બાબતની જોઈન્ટ ચેરીટી કમીશ્નર સમક્ષની મીસેલેનિયસ અરજી ટૂંકમાં તેના અરજદારાએ માંગેલ વચગાળાની રાહત અંગેનો નિર્ણય આવતા નવા અને નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરશે.

તે વખતે જો ટ્રસ્ટબોર્ડ આ મિસેલેનિયસ અરજી કરનારાઓએ ઊભા કરેલા મુદ્દાઓથી આવેલા દબાણથી સમજૂતિનો કંઈને કંઈ માર્ગ નીકળશે એમ ધારીને બધું ચેરીટી કમીશ્નરના ભરોસે છોડશે તો તેણે નવા સંજોગોમાં વધુ ભાવ ઉપજી શકત તે માટે કે તે સોદામાંથી ઉપજેલ રકમ જ્ઞાતિની અપેક્ષા પ્રમાણે રહેઠાણ સમસ્યા ઉકેલવા માટે ઉપયોગમાં લેવા કાંઈ જ ન કર્યું એવો આક્ષેપ ટ્રસ્ટ બોર્ડ પર આવશે. એ સંજોગોમાં મિત્રતા ભર્યો અનુરોધ છે કે અનંતનાથજી ટ્રસ્ટનું ટ્રસ્ટ બોર્ડ આ સંજોગોમાં પોતે કેવી રીતે વર્તવું એ બાબતના વિચારણા કરે અને શ્રી કેસર સિંહ ખોનાની અનુમોદના સાથે મેં (શ્રી ચંદ્રસેન મોમાયાએ) સૂચવેલ આ માર્ગદર્શનનો ઠરાવ મહાજનનાં સમક્ષ નિર્ણય માટે મૂકી તે માર્ગદર્શન પ્રમાણે આગળ વધે એવી, વિનંતી. - **ચંદ્રસેન મોમાયા**

### અનંત છાયાબાબત માર્ગદર્શન મેળવવા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ મુંબઈ મહાજન સમક્ષ મૂકવાનો ઠરાવ

**સૂચક ચંદ્રસેન મોમાયા** **અનુમોદક કેસરસિંહ ખોના**

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ શ્રી અનંતનાથજી ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓના અનુરોધથી બોલાવાયેલી તા. ના વાગ્યે ખાતે મળેલી આ સભા અનંતનાથજી ટ્રસ્ટની આર.બી. મેહતા માર્ગ, ઘાટકોપર (પૂર્વ)ખાતેની વેચાયેલી, વેચાણ ચેરીટી કમિશ્નર પાસે મંજૂર કરાવાયેલી, પણ જેનું કન્વેયન્સ (પૂર્ણ માલિકી હક્ક) ટ્રાન્સફર ન કરાયું હોય તેવી મિલકત અનંતછાયા બાબત જોઈંટ ચેરીટી કમીશ્નર સમક્ષ ચાલી રહેલ, શ્રી રાજશ પુનશી લોડાયા અને અન્યોની મિસેલેનિયસ અરજી નં ૨૦૧૫ની ૧૮૧ના સંદર્ભમાં વિગતો જાણી તથા વિકલ્પોને મૂલવી એવું ઠરાવે છે કે ખરીદનાર / વિકાસક કિ લેંડ ડેવલપર જો અગાઉના ટ્રસ્ટ બૉર્ડે યોગ્ય માનેલી રૂા. ૪૦ કરોડની વેચાણ કિંમત અને શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડએ મિલકતની ભાવિ સંભાવનાઓ ધ્યાનમાં લઈને ૨૦૧૨ના અંન ભાગમાં રૂા. ૮૦ થી રૂા. ૧૦૦ કરોડ એટલે ૨૦૧૬ના પ્રારંભમાં રૂા. ૧૦૦ કરોડ ઉપજવા જ જોઈએ એમ માનેલ મિલકત અનંતછાયાના સંબંધે બન્ને વચ્ચેની રકમ એટલે કે ૭૦ કરોડની રકમ આપવા તૈયાર થાય તો તે વેચાણને બહાલી આપવી અને ટ્રસ્ટ તથા મેસેલેનિયસ અરજી કરનાર શ્રી રાજેશ પુનશી લોડાયા અને અન્યોને કી લેંડ ડેવલપરે ભાડૂતોને વહેલામાં વહેલી તકે તેમનું કાયમી વૈકલ્પિક રહેઠાણ આપવા તથા દેરાસર નિર્માણ આદિ શરતોને પૂરી કરવા કરેલી વ્યવસ્થાનો અંદાજ બાંધ્યા પછી પૂર્ણ સહકાર આપવા જણાવવું. અન્યથા જ્ઞાતિના વકીલોની સલાહ લઈ આ સોદો રદ કરાવી મિલકત પૂર્ણતઃ ટ્રસ્ટ અને જ્ઞાતિ હસ્તક આવે તેવી કાનૂની કાર્યવાહી કરવાની વ્યવસ્થા કરવી.

આ સભા વધુમાં ઠરાવે છે કે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઠરાવ કરી ચેરીટી કમિશનરને જાણ કરે કે તેઓ માને છે કે અનંતછાયા જેવી રહેઠાણ યોજનામાંથી નીપજેલા પૈસા અન્ય રહેઠાણ યોજનાઓમાં જ વપરાય તે જ યોગ્ય છે. તેથી અગાઉના ટ્રસ્ટબોર્ડના સમયકાળ સુધીની વ્યાજની રકમ માનનીય ચેરીટી કમીશ્નરના હુકમ પ્રમાણે તથા અગાઉના ટ્રસ્ટ બોર્ડના ઠરાવ પ્રમાણે ટ્રસ્ટના ઉદ્દેશ્યો માટે ઉપયોગમાં લેવાની તેમજ તે વેચાણની ચેરીટી કમીશ્નરે કબૂલ કરેલી કોપર્સની રકમ તથા વર્તમાન વાટાઘાટો દ્વારા પ્રાપ્ત થયેલ વધારાની રકમ અને ૧લી એપ્રીલ ૨૦૧૫ જ્યારે નવા ટ્રસ્ટબોર્ડ સુકાન સંભાળ્યું તે પછી આવેલા વ્યાજ સહિતની રકમ નીચે પ્રમાણે વપરાશે. : ૨૦% અનંતનાથ જિનાલયના પરિસરના વિકાસાત્મક પુનવર્સન માટે, ૧૦% અનંતનાથ ટ્રસ્ટની મસ્જિદબંદરમાંથી અન્ય બિલ્ડીંગોના વિકાસ રીડેવલપમેન્ટ માટે, ૧૦% ટ્રસ્ટની ભાંડુપ ખાતેની મિલકતના વિકાસ માટે, ૧૦% ટ્રસ્ટની કાંજૂરમાર્ગ ખાતેની મિલકતના વિકાસ માટે, ૩૦% રકમ થાણા જિલ્લામાં રહેઠાણ યોજના કરવા માટે ઉપયોગમાં લેવાશે. ૫% પુના શેરમાં રહેઠાણ યોજના કરવા માટે, ૫% હૈદરાબાદમાં રહેઠાણ યોજના કરવા માટે, ૧૦% બેંગલોરમાં રહેઠાણ યોજના કરવા માટે ફાળવી તેની યથા યોગ્ય વ્યવસ્થા કરવા સમસ્ત મહાજનને સોંપવા અનંતનાથ ટ્રસ્ટનું આ ટ્રસ્ટ બોર્ડ સહમત છે.

અનંતનાથના ટ્રસ્ટીઓ સહમત થાય છે કે તેઓ ઉપરોક્ત નિર્ણયોને સારી રીતે અમલમાં મુકવા દરેક વિસ્તાર માટે ૩ ટ્રસ્ટીઓ તથા વિવિધ વિસ્તારોમાં ૪ જણની મળી ૭ જણની ખાસ કમીટી બનાવશે તથા તે કમિટીને ભંડોળો અને જવાબદારી સોંપશે.

(જા.ખ.)

## જીદ કરો... દુનિયા બદલો ! : મસ્તરામોને ખવડાવવાની જીદ પરિણમી માનવ પુનઃ વસનમાં ભુજના પ્રબોધ મુનવર અને તેમની ૨૭ની ટીમે સેવાક્ષેત્રે નવો આયામ ઊભો કર્યો





અઢી દાયકાં પહેલાંની વાત છે, ભુજના ભીડ વિસ્તારમાં આવેલી ટ્રાન્સપોર્ટ એજન્સીમાંથી સાંજે ઘરે જવાનું થાય ત્યારે ગણ્યા ગાંઠ્યા અમુક ભોજન ભૂખ્યા કહી શકાય તેવા લોકોને જોઈને હૃદય વિહવળ બની જતું હતું. આવા લોકોને જોઈને થતું કે તેમને કંઈ ખાવાનું મળતું નથી. જો ખાવાનું જ ન મળતું હોય તો બે ટંક ભોજનની તો ક્યાં વાત એટલે મનમાં કંઈક કરવાની ઈચ્છા થઈ અને એક દમ સામાન્ય કહી શકાય તેવા નાસ્તાના પડીકાં આવા લોકોને ખવડાવવાનું શરૂ કર્યું. આ વાત ભોજન સેવાથી અજાણી વ્યક્તિનું મૃત્યુ થાય ત્યાં સુધીની સેવા કરવાની હવે ભેખ ધારણ કરનારા અને હકારાત્મક જીદથી સેવાના સારથિ બનનારા ભુજના પ્રબોધ મુનવરે કરી છે. ભોજન સેવા તો ચાલુ જ રહી પણ હવે મસ્તરામો અને પરિવારથી વિખૂટા પડીને આવતા લોકોને રાખવાની વ્યવસ્થા માટે મસ્તરામ આશ્રમ સ્થાપવા સુધીની સગવડ ઉભી કરવાની જીદ આગામી સમયમાં સફળ થશે.

મૂળ કોઠારાના અને અઢી દાયકાથી ભુજ સ્થાયી થયેલા પ્રબોધ હિરાચંદ મુનવર આ પ્રકારની ભોજન સેવા કરવા માટે રમેશભાઈ માહેશ્વરીની પ્રેરણાથી આગળ વધ્યા. શરૂઆતમાં પોતે નોકરીએથી ઘરે જતા ત્યારે માત્ર સામાન્ય નાસ્તો કરાવવાની શરૂઆત કરી હતી. લોકોને ભૂખ સાથે પ્રેમ, હૂંફની પણ જરૂરિયાત જોવાઈ હતી. વર્તમાનમાં રોજની જરૂરિયાતમંદી ૧૩૫ લોકોની રોજની રસોઈ બને છે. એકલા નિરાધાર માટે ૭૯ ટિફિન અને મનોરોગીઓ માટે ૬૦ ટિફિન પૂરાં પડાય છે. શરૂઆતમાં મહિને એક વખત ભોજન કરાવાતું ત્યારબાદ રોજિંદી ટેવ પડી પણ કે એવો સમય પણ હતો કે એક દિવસ જમાડ્યા પછી બીજા દિવસની વ્યવસ્થા શું કરવી એવી તાણ ઉભી થતી, પરંતુ જેવા લોકોને જમાડવા નીકળતા ત્યાં ઓફિસમાં કોઈને કોઈ દાતા રકમ નોંધાવી ગયા હોય. ૨૧ હજારના ખર્ચથી શરૂ થયેલી સેવાનો ખર્ચ દોઢ લાખ પહોંચ્યો છે. જે દાતાઓ અને અન્નપૂર્ણાની કૃપાથી પૂરો મળી જાય છે.

એક તબક્કે માત્ર સાઈકલથી આવી સેવા કરાતી હતી તો તેમની સેવાની કદરરૂપે દાતાઓએ ૮ જેટલી વેન તેમજ અન્ય વાહનો વસાવી આપ્યાં છે.

૨૦૦૯માં માનવજ્યોતનું ભુજનું રજિસ્ટ્રેશન થયું છે. આ સંસ્થાની કામગીરી માત્ર ભૂખ્યાને ભોજન સુધી સિમિત નથી રહી. ખાસ કરીને કોઈ પણ રીતે ભુજ સુધી પહોંચી આવેલા કે કચ્છમાંથી મળેલા પાગલ કે નિરાધાર લોકોને તેમના પરિવાર સાથે મિલન કરાવવાનું કામ પણ સામાજિક ફરજના ભાગરૂપે સ્વીકારી લીધું છે. ઘરેથી ભાગી આવેલી મહિલાને, ટ્રેનમાં ભૂલા પડી ગયેલા લોકો, માનસિક અસ્થિર લોકો જ્યારે પણ મળી આવે ત્યારે રિક્ષાવાળાઓ માનવજ્યોત સુધી પહોંચાડતા હોય છે. સામાન્ય રીતે એવો અનુભવ જોવાયો છે કે, પોલીસની ઝંઝટમાં પડવા કરતાં માનવજ્યોત ભુજ વધુ વિશ્વાસપાત્ર બને છે. જોકે, મળેલા આવા લોકોની પોલીસ, મહિલા કલ્યાણ કેન્દ્ર કે અન્ય મહિલા સંસ્થાઓના સહયોગથી દેશભરમાં ક્યાંય પણ પરિવાર વસતો હોય તેનો સંપર્ક કરીને હેમખેમ પહોંચાડાય છે. આવા લોકોની વ્યવસ્થા ભુજની મેન્ટલ હોસ્પિટલમાં કરાતી હોય છે.

રસોઈ, વિતરણ, હોસ્પિટલ, સ્મશાન સહિતના સ્થળે માનવજ્યોત ભુજની કુલ ૨૭ જણની ટીમ કોઈ પણ ધાર્મિક ભેદભાવ વિના સેવાકાર્યોમા વ્યસ્ત રહે છે. સેવાની હકારાત્મક જીદ કચ્છભરમાં વ્યાપી છે અને માનવજ્યોતની જ્યોત એવી તે પ્રગટી છે કે જેના મનમાં કરૂણા ભાવ છે અને સેવા કરવાની શક્તિ છે તેઓ આ સંસ્થાના પગલે હવે આગળ વધવા માંડ્યા છે.

### હવે જલારામ કૃપા મસ્તરામ સેવાશ્રમ બનશે પરિવાર મિલનનું કેન્દ્ર

ભુજની ભાગોળે પાલાસરા વિસ્તારમાં બનનારા રામદેવ સેવાશ્રમમાં મળી આવેલા લોકો અને મસ્તરામોને આશ્રય આપવામાં આવનારો છે. જલારામ કૃપા નામ પણ એટલા માટે જોડવામાં આવ્યું છે કે આજ દિપ સુધી માનવજ્યોત સંસ્થામાં ભોજનથી માંડીને સેવાકામો માટે આર્થિક રીતે કંઈ ખૂટ્યું નથી અને દાતાઓની સતત સરવાણીથી જ્યોત પ્રગટતી રહે છે. રામદેવ મસ્તરામ સેવાશ્રમ વિખૂટા પડી ગયેલાઓના પરિવારનું મિલન કેન્દ્ર બનશે. જ્યાં સુધી સંબંધીઓનો સંપર્ક ન થાય ત્યાં સુધી અહીં આવા નિરાધારો રહી શકશે. કોઈને કાયમી આશ્રય આપવાનો નથી.

### વિવિધ ક્ષેત્રે થયેલી સેવા ઉડતી નજરે....

(૧) ૨૮૨ બિનવારસુ લાશની અંતિવિધી. (૨) ૨૫૩ રખડતા-ભટકતા માનસિક વિકલાંગોને ઘર સુધી પહોંચાડાયા. (૩) ૪૫૫૦ વ્યક્તિને ટિકિટ ભાડાં આપીને તેમના સ્થાને મૂકાયા છે. (૪) ૧૮૪ યુવતી-મહિલાઓને બચાવી સુરક્ષિત રીતે મોકલાઈ છે. (૫) ૧૨૯ ગુમ બાળકોને શોધીને પરિવારને સુપરત કરાયા. (૬) ૧૬૫ દિવ્યાંગોને ટ્રાઈસિકલ અપાઈ છે. (૭) ૮૮ વૃદ્ધોના ઘર શોધીને પહોંચાડાયા છે. (૮) ૨ લાખ ગરીબ લોકોને દર વર્ષે જમાડાય છે. (૯) ૬ હજાર ચકલી ઘર દર વર્ષે દાતાઓના સહયોગથી વિતરિત થાય છે.

**– ભાવિન વોરા,** દિવ્ય ભાસ્કરમાંથી સાભાર

## અમીટ છાપ મૂકી જનાર જ્ઞાતિ સેવક




કોઈ જ્ઞાતિજનો એવા કસાયેલા કાબેલ કાર્યકરો હોય છે કે કર્તવ્યની ધૂંસરી હોદાના મુદતની ભાગમાં પણ આવી પડે તો આનાકાની કર્યા વિના સહજતાથી પોતાની ફરજ અદા કરવા સ્વીકાર કરે.

કચ્છ લાલાના મુલુંડવાસી શ્રી મુકેશ દામજી મૈશેરી છે. ધર્મ પરાયણ પરિવારના નબીરા પ.પૂ. સાધ્વી સંયમગુણાશ્રી મ.સા.ના સંસારી ભાઈ, ધર્મની પાયો સંગીન, ધર્મભીરુતાની સાથે પંચ પ્રતિક્રમણ સુધીના સુત્રો કંઠસ્થ, પૂર્ણ શ્રાવક.

ભાગ્યોદયે મુલુંડના શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયના ટ્રસ્ટીની ખાલી થયેલ જગ્યા પૂરવાની તેમને ફરજ પડી તો સહર્ષ વધાવી. ચાતુર્માસમાં બિરાજમાન સાધુ, સાધ્વી કે આચાર્ય ભગવંતનો ઉચિત વિવેક વિનય જાળવી, પોતાના પ્રવચનની માંડણી કરી, સંઘના નાના મોટા, બહુ પરિચિત કે અલ્પ પરિચિત સાથે અંતર રાખ્યા વિના નિખાલસ વાત અને સંતોષકારક નિરાકરણ. સહુ ટ્રસ્ટીઓ સાથે હળવા થઈ ઊઠવું બેસવું. સ્ટાફ સાથે ખોટા રૂબાબ નહિ. ધર્મના મોટાં દિવસોએ કે અનેરા મહોત્સવે અગંત્યના કામ પણ કોરે મૂકી દેરાસરમાં ધામા.

ટ્રસ્ટ તરીકેની મૂદત પાકવાનો સમય થયો તો બીજા ટર્મ માટે લોબીંગની કડાકૂટમાં પડ્યા વગર સાપ કાંચડીનો મોહ છોડે તેમ અલિપ્ત થયા. સંઘમાં ઊંડી આશા અને વિશ્વાસ હતા કે વખત જતાં મેનજીંગ ટ્રસ્ટી પદ દીપાવશે. તે છતાં મુકેશભાઈએ એક અદના કાર્યકર રહી કાર્ય કરવાનું મુનાસીફ ધાર્યું.

એક વખત ઊન્નતિ, પ્રગતિ કે કારકિર્દીના ઊંચા સોપાન સર કર્યા બાદ પહલી સામાન્યતા સર કરવી અતિ મુશ્કેલ અને કઠીન કાર્ય છે, જે શ્રી મુકેશભાઈએ સહજતા અને સરળતાથી કરી દાખવ્યું છે. ધન્ય છે તેમના ઘડતરને !

કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

## પહેલી પ્રસુતિ પિયરે જ શા માટે? સાસરીયે કેમ નહીં?




આપણી કે અન્ય નાતમાં વહુની પ્રથમ પ્રસુતિ વહુના પિયરીયા જ કરાવે તેવી સ્વાર્થી પ્રણાલિકા ચાલી આવે છે. જે હવે જરા પણ ઉચિત નથી.

જ્ઞાતિની સમજદાર કન્યાઓ સાસરીયે જતાંજ ઘરની સર્વ જવાબદારીઓ ઉપાડી લે છે. વરસો પહેલાં ખેતર-વાડી, જનાવરો, આટો પીસવો, ફળીયોવાળી ઝૂડી સાફ કરવો, તળાવ-કૂવેથી પાણી ભરવું, કપડાં ધોવા એવા મહેનત મજૂરીના કામો હતા. સુવાવડીનું સ્વાસ્થય જળવાય અને ઉપરોક્ત કામની મજૂરી ન કરવી પડે માટે વહુના માવિત્રો લાગણીના પ્રવાહે પ્રસુતિ કરાવવા રાજી રહેતા. ખરચ પણ સામાન્ય રહેતું પણ હવે તેવી કોઈ મહેનત મજૂરી રહી નથી. દાયણોની જગ્યાએ હર સ્થાને સર્વ શ્રેષ્ઠ વૈદકીય માવજત મળી રહે છે. અને હવે વિશેષતમ તો પ્રથમ પ્રસુતિએ જ પૂર્ણાહૂતિ થઈ જાય છે તો પણ સમજદાર અને સુધારકો પહેલી પ્રસુતિ તો વહુના માવતરે જ, ના આ રીત કે પ્રથા છે ના આગ્રહી રહે છે.

સમુહ લગ્ને જોડાતાં પણ કન્યા પક્ષને ગજા ઉપરાંત ખરચ આવે છે અને પુખ્તવયે લગ્ન થતાં હોઈ દોઢ બે વરસે જ પ્રસુતિ થતાં કન્યા પક્ષના માવતરો લોકલાજે કચવાતા મને આ અસહ્ય પ્રથાને ચલાવી રહ્યા છે. હવે તો વર વહુ બંને ય હજારો કમાતા થયા છે. માનવતા અને વ્યવહારિક રીતે પણ પ્રથમ કે દ્વિતીય પ્રસુતિ સાસરીયા પક્ષે કરવી ઉચ્ચિત છે સમય - સંજોગે સગવડ ખાતર એક બીજા પક્ષને સંભાળી લઈએ એ અલગ વાત છે. સંજોગે, પ્રસુતિ પિયરીયે કરવાની થાય તો પણ ખર્ચ તો શ્વસુર પક્ષે જ ભોગવવો એ પ્રણાલિ ન્યાયી અને ઉત્તમ છે.

ઘણાં શિક્ષિત, સુધારક અને સમજદાર પરિવારો વહુની પ્રસુતિ સ્વગૃહે જ કરાવી ઉત્તમ દ્રષ્ટાંત પુરું પાડી, વેવાઈ પક્ષે આદર અને અહોભાવના આસને બીરાજીત છે. આ માટે કોઈ કાયદો કે રીતનો સવાલ નથી. સ્વયં સ્ફુરણાએ બંનેય પક્ષે સ્વ સુઝ-બુઝે 'પ્રથમ પ્રસુતિ પિયરીએ નહીં પણ સાસરીએ જ' ના વ્યવહારમાં લાવીએ એ સમયની માંગ છે, અને ઉચિત છે. માવતરો સાથે આ વ્યવહારે પહેલ તો વર-વધુએ જ કરવી પડશે.

- લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડુપ

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરા - કચ્છ

**શ્રી તેરા-કચ્છ ખાતે ચાતુર્માસ તથા પર્યુષણ પર્વ ઉજવવા ભાવભર્યું આમંત્રણ :**

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા તથા ધુફ્રી ગામના ભાઈ-બહેનો જોગ..**

આપ સહુને ચાતુર્માસ તથા પર્યુષણ પર્વ આરાધના માટે તેરા-કચ્છ પધારવા ખાસ આમંત્રણ પાઠવીએ છીએ.

આપની કચ્છ જવાની તથા પરત આવવાની રેલ્વે ટિકિટો વેળાસર કઢાવી લેશોજી તેમજ તે મુજબની જાણ તેરા ઑફીસે ફોન દ્વારા કરવા નમ્ર વિનંતી. **પર્યુષણ પ્રારંભ : મંગળવાર, તા. ૨૦/૦૮/૨૦૧૬, પર્યુષણ સમાપન : બુધવાર, તા. ૦૭/૦૯/૨૦૧૬.** સાધર્મિક ભક્તિના કર્તવ્યરૂપે તેરા પહોંચવાની ટિકિટની રકમ તેરા પહોંચીને આપને મલી જશે. ટિકિટ લીધા બાદ તેની જાણ મુંબઈ ઓફીસે કરવાની રહેશે.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરાના ટ્રસ્ટીઓ તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના જય જિનેન્દ્ર**

પ્રકાશ સમીક્ષા સમાચાર

સંસ્થા સમાચાર જ્ઞાતિ સમાચાર વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## એપ્ટીટ્યુડ ટેસ્ટ ગાંધીધામ

શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ ગાંધીધામ દ્વારા ધોરણ આઠ અને આઠ થી ઉપરના વિદ્યાર્થીઓ માટે 'એપ્ટીટ્યુડ' ટેસ્ટ નું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈ અને અનંત નાથ ટ્રસ્ટ ના સહયોગથી ૩ જૂન ૨૦૧૬ ના આ ટેસ્ટ ગાંધીધામ મધ્યે કરવામાં આવશે.

આ ટેસ્ટનો લાભ કચ્છના તમામ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ લઈ શકશે. આ બાબતમાં વધુ માહિતી તેમજ નામ નોંધાવવા સંપર્ક : ૧) મીનાબેન લાલકા - 9913997094 ૨) લીપીકા મૈશેરી - 9879433615 ૩) મૃદુલાબેન નાગડા - 98254 34748 ૪) કલ્પનોબેન મોતા - 02836 257381. **નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩ મે ૨૦૧૬ છે.**

## સખીવૃન્દ પુના

સખીવૃન્દ પુનાની બેઠક ૨૦ માર્ચના કાજલ ગૌરવ રતાણીના ઘરે યોજાઈ હતી. તેણે રેસીન આર્ટ જેવો નવો વિષય પસંદ કરેલ. રેસીન એ એક પ્રકારનો કેમિકલ છે, જે હાર્ડનર ની મદદથી વપરાય છે.

કાજલે ચાર્ટ પેપર પર વોટર કલરથી ફક્ત હાથનો ઉપયોગ કરી ડિઝાઈન બનાવવા કીધેલ.

રેસીન આર્ટને તેમણે વિગતવાર સમજાવી. જેના માટે સીલીકોન મોલ્ડની જરૂરત પડે છે તથા વિવિધ માધ્યમો ને વાપરી શકાય, જેવા કે સુકા પાન, ફૂલ, ગ્લીટર, ઘડિયાળના પૂરજા, કાપડ, ફોટોગ્રાફ, ટીકી, મોતી, બટન, ટ્રાન્સપરન્ટ ફોટો કલર વગેરે વાપરી શકાય એનું પુરું માર્ગદર્શન આપ્યું.

હાંથની પોંચી (બ્રાસલેટ) કેમ બનાવવી તેનું ક્રમાનુસાર, સુંદર પ્રત્યક્ષીકરણ કર્યું. એ સાથે રેસીન આર્ટથી બીજા આભૂષણ જેવા કે કાનની બાલી, પેન્ડન્ટ, વીટી વગેરે કેમ બનાવવી તેની સંપૂર્ણ માહિતી આપી. ટ્રે, પ્યાલું ફ્રેમ કેમ બનાવવી એ પણ દર્શાવ્યું.

રેસીન થી બનાવેલ કી-ચેન સર્વે બહેનોને ભેટ આપેલ.

કિચન ક્વીનના ઈનામ વંદના ધરમશી દ્વારા ઘોષિત થયા. જે મુજબ ગ્રૂપ A વિજેતા પ્રથમ કાનન જતિન ધરમશી અને બીજું ઈનામ ચાંદની અમિત લોડાયા. ગ્રુપ B ના વિજેતા પ્રથમ વિજયાબેન વિજય ખોના ને બીજું લતાબેન દિનેશ મોમાયા ને આપવામાં આવ્યું.

## અનોખા નિમિત્તે જાત્રા અને અનોખું ઉજમણું

શ્રી વિધીકાર બકીમચંદ્ર કેશવજી લોડાયાના પ્રપૌત્રને ૨ વર્ષની વયે ૨૪ તીર્થંકરના નામ મોઢે રહી ગયા અને ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનમાંથી પણ ઘણા નામ મોઢે રહ્યા એ નિમિત્તે એમના દાદા શ્રી મહેન્દ્રભાઈ બકીમચંદ્રે તેમના વર્તુળના ૨૪ જણા સાથે ૧૦૮ પાર્શ્વનાથની જાત્રા કરી. આ જાત્રામાં સહભાગી થનારા યાત્રિકોને એનું ઉજમણું કરવાની ભાવના થઈ તેથી તેઓ તા. ૧૯-૨થી તા. ૨૧-૨-૨૦૧૬ ત્રણ દિવસ શાહપુરમાં ૯૬ ભાઈ-બહેનોને અઠ્ઠમ કરાવવા લઈ ગયા અને તા. ૨૧-૨-૨૦૧૬ના ૧૦૮ પાર્શ્વનાથનું પૂજન કરાવ્યું.

## કોઠારા જૈન પાઠશાળા

સંઘપતિ અને દાતાશ્રી ગંગાબાઈ કાનજી પાલાણી હસ્તે કિરણભાઈ પાલાણી પરિવાર ગામ કોઠારા હાલે મુંબઈના સહયોગથી શ્રી કોઠારા જૈન પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવતા ભાઈઓ-બહેનો માટેની એક યાત્રા સંઘનું આયોજન કોઠારા જૈન પાઠશાળાના શિક્ષીકા તોરલબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

લકઝરી બસ દ્વારા કોઠારાથી દુધઈ, ધમકડા, આમરડી, શિકરા, ખારોઈ, મનફરા, આધોઈ, લાકડીયા, કટારીયા, સામખીયારી, બોંધ, ભચાઉ વિગેરે ગામોના જિનાલયયોનાં દર્શન કરી સૌ ધન્ય બન્યા હતા. પાઠશાળાના આ ભાઈ-બહેનો દ્વારા વિવિધ પ્રભાવનાઓ કરવામાં આવેલ. યાત્રા પ્રવાસને સફળ બનાવવા તોરલબેન તથા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયાના નવા ચુંટાયેલ ટ્રસ્ટ મંડળ દ્વારા તા. ૧૦-૪-૨૦૧૬ રવિવારના મુલુન્ડ મધ્યે સવારના મેડીકલ કેમ્પ તથા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં નલિયાવાસી તથા નિયાણી બહેનોએ હાજરી આપી હતી. કુલ ૧૨૦ ગામવાસીઓએ નીશુલ્ક બલ્ડ ચેકનો લાભ લીધેલ. કુલ ૫૧ બોટલ રક્તદાન થયેલ તથા બહોળી સંખ્યામાં E.N.T. તથા આઈ ચેકઅપ થયું હતું.

શિબીરનું આયોજન કરવામાં તથા વ્યવસ્થામાં નલીન નારી નીગમની બહેનો તથા સર્વે ગામવાસીઓએ સારી જહેમત ઉપાડી હતી.

**ભૂલસુધાર :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૩ના સમાચાર વિભાગમાં પ્રગટ થયેલ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલીના નવા પદાધિકારીઓના નામમાંથી બે નામમાં ભૂલ છે ખરા નામ આ પ્રમાણે છે : શ્રી અનીષભાઈ વાલજી મોમાયા અને શ્રી મોહિત હિરાચંદ દંડ.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિનાન્ત મણીકાંત દંડ** | ફ્લેટ નં. ૫, વૃંદાવન સોસાયટી, પ્લોટ નં. ૨૬, સેક્ટર ૧૫, ગુજરાતી સમાજની સામે, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩. મો.: ૯૯૨૦૬૯૬૬૬૮ |
| **નયના ગીરીશ ગોશર** | W-૧૦૬, ૧લે માળે, નવનીત નગર, ડોંબીવલી (પૂર્વ) - ૪૨૧ ૨૦૧. |
| **તારાચંદ માણેકજી દંડ** | ૧૦૫, નવનીત ભવન, આણંદજી કલ્યાણજી બ્લોક, બહેરામપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. |
| **નવીન માણેકજી મૈશેરી** | ૧૩૦૩, યાસ્મીન રેસીડેન્સી, સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોનઃ ૯૧-૨૨-૨૫૬૧ ૮૧૬૬ |
| **ધનજી લખમશી ધુલ્લા** | ૬૦૨, યાસ્મીન રેસીડેન્સી, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલ મંદિર સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોનઃ ૯૧-૨૨-૨૫૬૧ ૧૩૦૭/મો.: ૯૯૩૦૭ ૩૦૧૦૨ |
| **પ્રવિણ નરશી લાપસીયા** | ડી-૧-૩૦૬, ૩જે માળે, સુવિધિ, જૈન મંદિર માર્ગ, જૈન મંદિર પાસે, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૦૧ ૪૪૫૭૨ |
| **ધનપતિ શીવજી રતાણી** | સ્નેહ શ્રીરામ એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૬, ૨જે માળે, ફુલે કૉલોની, ચાલીસગામ - ૪૨૪ ૧૦૧. |
| **કાર્તિક બી. ખોના** | એફ-૩૦૩, મંગલ વાટિકા, ચરવાડા રોડ, પટેલ સમાજ પાસે, બલીથા, વાપી - ૩૯૬ ૧૯૧, ગુજરાત. મો.: ૯૩૭૫૯ ૭૯૮૯૯ |
| **હરીશ ચંદુલાલ કાનજી મોમાયા** | એ-૧૦૩, અંબર મહાવીર રેસીડેન્સી, કામા લેન, જૉલી જીમખાના પાસે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૨-૧૫ | ઘાટકોપર | ક્રીયા, વર્ષા જુબીન હરીશ મોમાયા | વરાડીયા | પુત્રી |
| ૦૧-૦૪-૧૬ | સાંતાક્રુઝ | ધ્રુવી, શ્વેતા કરણ મોમાયા | વરાડીયા | પુત્રી |
| ૦૪-૦૩-૧૬ | જલગામ | ધ્રુતિ, નુતન રવિ ભરત કુલીનકાંત લોડાયા | બારોઈ | પુત્રી |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૪-૧૬ | કાંદિવલી | અપૂર્વ પ્રદ્યુમ્ન રાંકા (જૈન) | જાવદ (રાજ.) | ૨૬ |
| | અમરાવતી | દીપા મણીકાંત માણેકજી દંડ | લાલા | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૨-૧૬ | ઔરંગાબાદ | હર્ષલ અનીલ જેઠાભાઈ મોમાયા | વરાડીયા | ૨૫ |
| | નાગપુર | ચાર્મી નિતીન આણંદજી મુનવર (શાહ) | જખૌ | ૨૪ |
| ૧૭-૦૪-૧૬ | - | અમૂલ દીપક સોની | સાંયરા | ૨૮ |
| | જલગામ | મનાલી જગદીશ મોતા | લાખણિયા | ૨૭ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૧-૧૬ | મલાડ | પરીન અરવીંદ લાલજી લોડાયા | વારાપધર | ૨૫ |
| | ગાંધીધામ | કોમલ મનોજકુમાર ગુલાબચંદજી શર્મા | ગાંધીધામ | ૨૧ |
| ૦૨-૦૪-૧૬ | શ્રીગંગાનગર (દિલ્હી) | હેમંત હંસરાજ માણેકજી બોરીચા | બાયઠ | ૩૩ |
| | કાંજુર માર્ગ | જસ્મિન મણીલાલ કુંવરજી લોડાયા | સાંયરા | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૪-૧૬ | મુલુંડ | ગં.સ્વ. હીરબાઈ મેઘજી મોતા | કુવાપધર | ૮૩ |
| ૧૪-૦૪-૧૬ | ગદગ | ઝવેરબેન ટી. શાહ | કુવાપધર | ૭૭ |

## શ્રી કે.ડી.ઓ મંડળ ડોંબિવલી દ્વારા થયેલ પ્રવૃત્તીઓ ૨૦૧૫-૨૦૧૬ ની ઝલક

- શૈક્ષણીક પ્રોગ્રામમાં ઈનામો, રાહત દરે પાઠ્યપુસ્તકો, લોંગબુક-નોટબુક, શૈક્ષણીક ઉપકરણો, દફ્તર/ગણવેશ, સ્કુલ ફી નું વિતરણ. તેમજ ધો. ૧ થી ૯ ગુજરાતી / અંગ્રેજી માધ્યમ માં પ્રથમ / દ્વિતિય આવનાર વિદ્યાર્થીઓનો દાતાશ્રીઓ તરફથી બહુમાન.
- ઘટતા જતા વ્યાજ અને વધતી જતી પ્રવૃત્તીઓને લક્ષમાં રાખી Per day ૧૦૦૦/- એવા ૩૬૫ દિપસના કુપનની સ્કીમ રજુ કરી.
- મંડળના સ્થાપના દિન તા. ૧૫/૮/૨૦૧૫નાં મંડળની ઓફીસમાં મંડળનાં કાર્યકરો સાથે મહાકાલી માતાજીની ભાવના.
- બે દિવસીય ચૈત્ય પરિપાટી યાત્રા (૨ બસ ૧૨૦ જણ - સાપુતારા-દેવલાલી-વણી-નાસીક ધર્મચક્ર).
- અમારા પરિપત્ર વાટપ કરતા ૩૦ સ્વયંસેવકોને ફ્રી સાપુતારા યાત્રા પ્રવાસ
- વાર્ષિક ઉત્સવ નિમીતે મહાકાલી માતાજીની ભાવનાં - ૮૫૦ જણાની હાજરી - સાંજે ચૌવિહાર
- વાર્ષીક સ્નેહ મિલન - ગ્રેજ્યુએટ, ડીગ્રી હોલ્ડર અને વિશેષ ઈનામ વિતરણ. અતિથી વિશેષનું સન્માન, તપસ્વીઓનું બહુમાન તેમજ દાતાશ્રીઓનું સન્માન - સ્વામીવાત્સલ્ય જમણ. ૨૦૦૦ જણની હાજરી.
- નાની મોટી મેડીકલની જરૂરીયાત રૂા. ૫૦૦/- થી ૩૦૦૦/- સુધી (ફંડની ઊપલબ્ધી પ્રમાણે)
- બાળકો માટે વિવિધ રમત ગમત હરિફાઈઓ - રંજન સંધ્યા - સાંસ્કૃતિક કાર્યક્રમો વિવિધ હરીફાઈઓ.
- સ્વરોજગાર ૨૦૧૫ - જાન્યુઆરી ૨૦૧૫થી નવી શરૂઆતનુ દરેક જ્ઞાતિજનને સ્વાવલંબી બનાવવાનું મંડળનું એક સ્વપ્ન. વાર્ષીક ૫%ના દરે ધંધામાટે લોનની વ્યવસ્થા.
- ધો. ૧ થી ધો. ૯ સુધી શૈક્ષણીક સ્કુલ ફી તથા પાઠ્યપુસ્તકો વિતરણ.
- મંડળ દ્વારા બહેનો માટે શીલાઈ મશીનની વ્યવસ્થા.
- મંડળને બે Air Condition માતુશ્રી દમયંતીબેન રતનશી મોમાયા સાંયરાવાલા તરફથી ભેટ મળેલ.
- મંડળને એક Fridge જવેરચંદભાઈ, સાંયરાવાળા તરફથી ભેટ મળેલ
- મંડળોના સીક્યુરીટી માટે C.C.T.V. કેમેરા લગાડ્યા. મંડળમાં વાઈફાઈ કનેક્શનની ઊપલબ્ધતા.
- બાળકો માટે એક દિવસીય પીકનીક (સરગમ રીસોર્ટ)
- રૂા. ૬૦૦૦માં શીખરજીની મહાયાત્રા ૧૨ દિવસ, ૧૦૩ યાત્રિકો જોડાયેલ.
- પાલીતાણા પાવાગઢ ગીરનારની ૮ દિવસીય યાત્રામાં ૮૫ યાત્રિકો જોડાયેલ.
- કોલેજ કે સ્કુલમાં બહાર ભણવા જતાં વિદ્યાર્થીઓ માટે કલવા-દિવા-કોપર-ડોંબિવલી-કલ્યાણ-ઉલ્હાસનગર- અંબરનાથના વિદ્યાર્થીઓ માટે બસ/ટ્રેનની 'ફ્રી પાસની સવલત'.
- વીરચંદ સર અને નાયક ટ્યુટોરીઅલ કલાસીસ સાથે સંલગ્ન કરી ૪૦% થી ૫૦% સુધીની ટ્યુશન ફી મા રાહત.
- નોટબુકનું ૫૦ ટકાથી વધુ રાહત દરે વેચાણ જેમાં અંદાજે ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લીધેલ.
- જીવદયા માટે પક્ષીઓને પાણી પિવા માટે માટીના કુંડાનું ફ્રી વાટપ તેમજ પાંજરાપોળોને અનુદાન.
- દર વખતની જેમ આ વખતે ક્રીકેટ રમવા માટે મુંબઈના પરામા રહેતા જ્ઞાતિજનો માટે ક્રીકેટનું ભવ્ય આયોજન કરેલ તેમા કુલ ૧૦ ટીમો તથા ચેસ હરિફાઈમાં ૧૦ જણાએ ભાગ લીધેલ અને ૨૫૦ જ્ઞાતિજનોની હાજરી.
- આપણા જ્ઞાતિજનોને થતી સામાજીક તથા વ્યક્તિગત સમસ્યાનું નિરાકરણ.
- અમો વેબસાઈટ ડેવલપ કરી છે. જેમાં આપણું જ્ઞાતિદિપ વેબસાઈટ તેમજ મોબાઈલમાં જોઈ શકો છે. વિવિધ ફોર્મ / મેમ્બરશીપ / કંપ્લેઈન / પરિપત્રક વાટપનાં એડ્રેસ / દરેક પ્રોગ્રોમનાં ફોટો વગેરે ઉપલબ્ધ.
- મંડળમાં ધાર્મિક પાઠશાળા પણ ચાલે છે જેમાં ૫૦ થી વધારે બાળકો ધાર્મીક અભ્યાસ કરે છે.
- પર્યુષણ પર્વ નિમીતે આઠ દિવસ માટે આપણા ભાઈઓ/બહેનો માટે સામયીક કરવા હોલની વ્યવસ્થા. જેમાં ૨૦૦ જેટલા ભાઈ-બહેનો સામાયિક નો લાભ લે છે.
- મેડીકલ તથા અન્ય પ્રસંગે લાગતા જરૂરી સાધનો, જેવાકે વાસણો, ખુરશી-પોટ-ચેર-પલંગ-સાફા-તલવાર છાબ-વોકર-ઘોડીયું-દાંડીયા વગેરે ઉપલબ્ધ.
- બહેનો માટે ફરસાણ ફેક્ટરીની મુલાકાત અને ૭ વંડર ગાર્ડન નેરૂલ એક દિવસીય પીકનીક ૬૦ મહિલાએ ભાગ લીધેલ.
- ટ્રેડ ફેર કમ ફન ફેર વીથ ફુડ કોર્ટનું ભવ્ય આયોજન. જેમાં ૭૦ સ્ટોલ તેમજ ૩૫૦૦ જણાએ મુલાકાત લીધી.
- હેલ્ધી બેબી હેલ્ધી ફુડ નવજાત શીશુને જન્મ આપનાર માતાને ૧ કી. કાંટરાના શુધ્ધ ઘી ના લાડુનું ફ્રી વિતરણ.
- સિનીયર સિટિઝન માટે મંથલી (મહીનાના છેલ્લા રવિવારે) મંડળના સભ્યો સાથે અલ્પાહાર. તેમજ મંથલી દવા પેટે રૂા. ૫૦૦ થી ૭૫૦નું અનુદાન.
- મહિલા મંગલ મંચ દ્વારા ગ્રીન બ્યુટી ડે તથા મહિલાઓ માટે રૂા. ૩૦૦માં વાર્ષિક પાંચ પ્રોગ્રામો.
- દર બુધવાર તથા રવિવારે અમો મંડળમાં સતત હાજરી આપીએ છીએ. જેની હાજરી પરિપત્રકમાં છપાયે છે.

આ બધું કાર્ય મારા ટીમનાં સાથીઓ, ડોંબિવલીવાસીઓ તેમજ સર્વે દાતાશ્રીઓ નાં સાથ અને સહકારથી થયેલ છે.

**લિ. : રાયચંદ ડી. જીવાણી - પ્રમુખ**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી ભલારાદાદાની ૨૮મી પહેડીમાં હજારો ભાવિકો સહભાગી થયા.





શ્રી ભલારાદાદાની ૨૮મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ શુક્રવાર, તા. ૮-૪-૨૦૧૬ના સાંજે મુલુંડના કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. જાણીતા કલાકાર-પ્રવક્તા નરેન્દ્ર નંદુ અને સાથી કલાકારોએ ભક્તિ સંગીત પ્રસ્તુત કર્યું. રાતે લાઈટો બંદ કરાવીને કરવામાં આવેલ સમુહ દિવડા આરતી વખતે ભવ્ય દૃશ્ય સર્જાયું હતું. લાલપર ભલારાદાદા સંકુલ ખાતે પ્રતિષ્ઠિત થનાર શ્રી અંબા માતાજી અને શ્રી મહાકાળી માતાજીની મૂર્તિની ઉછામણી તેમજ ચૈત્રી પુનમના ચડનાર નવી ધ્વજા તથા અન્ય ચડાવા નરેન્દ્ર નંદુની પ્રેરક અનુમોદનાથી ખૂબ જ ચઢતે ભાવે યોજાયા હતા. આ પ્રસંગે પધારેલા મુંબઈ મહાજનના તથા અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પોતાની કામગીરીથી ભાવિકોને પરિચિત કરી આગામી કાર્યક્રમોની જાહેરાતો કરી હતી. નવી મુંબઈની મહાજનવાડીની ઓસી મેળવી આપવા માટે જહેમત લેનારા ભૂપેન્દ્ર દંડનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# જ્ઞાતિ આગેવાન પ્રબોધ હીરાચંદ મુનવરના અધ્યક્ષ પદે ચાલતી માનવજ્યોત - ભુજ સંસ્થા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવા બદલ સન્માનિત થઈ




જ્ઞાતિ આગેવાન પ્રબોધ હીરાચંદ મુનવરના અધ્યક્ષ પદે કચ્છમાં નબળા અને જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા માટેની અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવા બદલ તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવા જિલ્લા તંત્રને મદદરૂપ થવાની કામગીરી કરવા બદલ માનવજ્યોત સંસ્થા ભુજને કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.

રાજ્યમંત્રીથી તારાચંદભાઈ છેડા, સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદા અમલીકરણ સમિતિનાં અધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા, કચ્છનાં સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, કચ્છ જિલ્લા પંચાયત અધ્યક્ષા શ્રીમતિ કૌશલ્યાબેન માધાપરીયા, કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે માનવજ્યોત સંસ્થા ભુજનાં અધ્યક્ષ શ્રી પ્રબોધ મુનવરને સન્માનપત્ર અર્પણ કરી, સેવાઓની નોંધ લઈ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,